**સુવિચાર**

''સારા સમયે પડેલી હજારો તાળીઓ કરતાં, ખરાબ સમયે ખભે મુકાયેલો એક હાથ પૂરતો છે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૧૨/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com


સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૯ વર્ષ : ૧૬ અંક : ૩૦૬


## સામાન્ય વ્યકિતનાં બેન્ક ખાતામાં લાખો રૂપિયાની રકમ જમા થઈ

# અમરેલી જિલ્લામાં ''સાયબર ફ્રોડ''માં જબરદસ્ત વધારો

**છેલ્લા ર દિવસમાં જ ૯ જેટલી પોલીસ ફરિયાદમાં લાખો રૂપિયા સગેવગે થયાનો ઉલ્લેખ**

**આર્થિક મંદીનાં માહોલમાં સાયબર ફ્રોડ દ્વારા લાખો રૂપિયાની હેરફેર થતી હોય આશ્ચર્ય**

**ચાંપાથળ, મોટા બારમણ, કીડી સહિતનાં ગામમાં રહેતાં ઈસમો સામે ફરિયાદ**

**કોઈપણ વ્યકિતને બેન્ક ખાતાની વિગતો આપતાં પહેલા સો વાર વિચાર કરજો**

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં રોજબરોજ આરોપીઓ દ્વારા સાયબર ક્રાઈમથી થતી છેતરપીંડી (સાયબર ફ્રોડ)ના રૂપિયા પોતાના બેન્ક ખાતામાં જમાં કરાવી અને ખાતામાં જમાં થયેલી રકમ સગેવગે કરવાં સબબની પોલીસમાં ફરિયાદ નોંધાતી હોય છે. ત્યારે ગઈકાલે પણ એક સાથે આવી પાંચ પાંચ ફરિયાદ નોંધાયા બાદ આજે વધુ ચાર પોલીસ ફરિયાદ નોંધાતાં અમરેલી જિલ્લામાં આ ધીકતો ધંધો


અનુસંધાન પાના ૬ ઉપર


## ગૌચરમાં ચરતી હોય તે સમયે બનાવ બન્યો

# કુંકાવાવ : જીથુડી ગામે વીજશોક લાગવાથી ભેંસનું મોત નિપજયુ

અમરેલી, તા. ૧૨

કુંકાવાવ તાલુકાના જીથુડી ગામે રહેતાં અને પશુપાલનનો વ્યવસાય કરતાં નારણભાઈ કડવાભાઈ લાંબરીયા ગત તા.૧૧ ના રોજ સવારના આશરે સાડા દસેક વાગ્યાના સમયે પોતાની ભેંસો જીથુડી ગામના કેતનભાઈ વઘાસીયાના ખેતર પાસે


અનુસંધાન પાના ૬ ઉપર























### વૈકલ્પિક વ્યવસ્થા કરવાનું તંત્રને યાદ ન આવ્યુ

# સાવરકુંડલામાં રીવરફ્રન્ટ બનાવવા માટે ગરીબોનાં ઝુંપડા હટાવવા જેસીબી દોડાવાયુ

## ગરીબોનાં આંસુ ઉપર કયારેય મહેલનુ ચણતર ન કરી શકાય

સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલામા રીવર ફ્રન્ટ ભલે બનાવો પરંતુ કોઈ ગરબીનાં ઝુંપડા જેવા આશીયાનાને હટાવવા પડે તેમ હોય તો વૈકલ્પિક વ્યવસ્થા કરવી જરૂરી હોય છે.



સીસકતી આંસુ પણ સુકાઈ જાય તેવી ઘટના દ્વારા ગરીબ લાચાર બેબસ પરિવારો પર કાળોકેર વરસ્યો. તંત્ર દ્વારા માત્ર ૨૪ કલાકની નોટિસ ફટકારી શિયાળાની કડકડતી ઠંડીમાં પરિવારો ખુલ્લા આકાશ નીચે રહેવા મજબૂર. નજરની આંખ સામે પરિવારના ઝૂપડા સ્થાનિક તંત્ર દ્વારા બુલડોઝરથી પ્રવસ્ત થયા. સ્થાનિક નગરપાલિકા ચીફ ઓફિસરના આદેશ પર સવારના સમયે પોલીસ બંદોબસ્ત સાથે બુલડોઝરથી ઝૂંપડાં હટાવવાની કામગીરીએ લોકોના મનમાં અનેક સવાલો ખડા કર્યા છે. આમ રીવર ફ્રન્ટની કિમત ગરીબોના ઘર. જો આ જ વિકાસ હોય તો આવો વિકાસ ખરા અર્થમાં ગરીબો માટે તો પ્રાણઘાતક જ ગણાય.

વિરોધ પક્ષના નેતાગણે આ કૃત્યને ઘોર નીંદનીય અને લોકશાહી પર કાળા કલંક સમાન ગણાવ્યુ જનપ્રતિનિધિની ગેરહાજરી પણ લોકોમાં રોષનું કારણ. મત જોઈએ ત્યારે આ દબાણ આડું આવતું નથી શું મહત્વનું ગરીબોના આશરો કે રીવર ફ્રન્ટનો રૂપાળો ચહેરો ? મૂળભૂત જરૂરિયાતો અવગણીને સાચા અર્થમાં વિકાસ થશે ખરો ?

સાવરકુંડલાની સવાર માટે આ ઐતિહાસિક કાળો દિવસ. આમ જોત જોતામાં હસતા ખેલતાં પરિવારનો માળો છીન્ન ભીન્ન થઈ ગયો. તંત્ર દ્વારા રિવર ફ્રન્ટ પ્રોજેક્ટને આડેધડ આગળ ધપાવવા માટે માનવીય દ્રષ્ટિકોણની ઉપેક્ષા કરીને વિકાસ મંત્રને ચરિતાર્થ કેમ કરવો ?

શું રિવર ફ્રન્ટની સુંદરતા અમારા બાળકો કરતાં પણ વધુ મહત્વની છે એમ એક વૃધ્ધાએ આક્રોશ ઠાલવતા જણાવ્યું. હૈયાફાટ રૂદન અને હીબકાંને કોઈ આસન પણ ન પ્રાપ્ત થયું. પોતાનું સર્વસ્વ ગુમાવી ચુકેલા એ પરિવારોમાં એક બાળકનો નિર્દોષ સવાલ બાપુ! આપડે જાશું ક્યાં ??? વૈકલ્પિક વ્યવસ્થા કે રહેઠાણની વ્યવસ્થા પણ નહિ અને વળતરની તો વાત જ ક્યાં ? આ સંદર્ભે હવે એ ગરીબોની માંગ અને રાજકીય લડતની તૈયારી હવે સંગઠિત થઈને ઉગ્ર લડત ચલાવવાનો નિર્ણય.

### રાજયનાં ઉર્જામંત્રી દ્વારા વહીવટી સુગમતા માટે

# અમરેલીની ગ્રામિણ પેટા વીજ કચેરીનું વિભાજન કરાયુ : વધુ ૧ કચેરી શરૂ

## નવી કચેરી માટે કર્મચારીઓની ૪૪ જગ્યાઓ પણ ઉભી કરાઈ

અમરેલી, તા. ૧૨

હાલમાં અમરેલી પીજીવીસીએલ હસ્તકની અમરેલી ગ્રામીણ પેટા વિભાગની એક કચેરી કાર્યરત છે. આ કચેરીનું વિભાજન કરીને હવે નવી અમરેલી ગ્રામીણ–૨ પેટા વિભાગ કચેરીની રચના કરવાની સ્થાનિકો દ્વારા માંગણી ઘણાં સમયથી ઊઠી હતી.

આ કચેરીનું વિભાજન કરી વહીવટી સુગમતા માટે નવી કચેરી ઊભી કરવા માટેની રજૂઆત રાજયના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજય મંત્રી કૌશિક વેકરિયાને કરવામાં આવતા જે અંગેની નોંધ લઈ રાજય મંત્રીએ સત્તા સંભાળ્યાના માત્ર દોઢ માસમાં જ આ કચેરીની રચનાને ખાસ કિસ્સામાં મંજૂરી આપતા હુકમો કરવા ઊર્જા વિભાગને



નિર્દેશ આપ્યા હતા.

જે અનુસંધાને ઊર્જા વિભાગ દ્વારા તા. ૧૦ના રોજ એક નોટિફિકેશન બહાર પાડી આ અમરેલી ગ્રામીણ–૨ પેટા વિભાગ કચેરીની રચના કરવાં અને વિભાજનને મંજૂરી આપી દીધી છે.

રાજયમંત્રીએ જણાવ્યું હતું કે, ખાસ કિસ્સામાં મંજૂર કરાયેલ આ કચેરી માટે કુલ ૪૪ જગ્યાઓ પણ મંજૂર કરવામાં આવેલ છે. જેમાં ૩૫ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવી છે અને ૯ જગ્યાઓ હાલના અમરેલી ગ્રામીણ પેટા વિભાગ–૧માંથી સ્થળ ાંતરિત કરવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે દોઢ વર્ષ પહેલાં લોકોને વીજળીની મુશ્કેલીમાં રાહત મળે તે માટે અમરેલી શહેરની વીજ કચેરીનું વિભાજન કરી અને અમરેલી શહેરને બે વિભાગમાં વહેંચણી કરી લોકોને વીજ સમસ્યામાંથી રાહત અપાવ્યાં બાદ હવે અમરેલી ગ્રામીણ પેટા વિભાગની કામગીરીમાં બે ભાગ કરતાં અને સ્ટાફ કાર્યરત થતાં ગામડામાંથી પણ વીજ સમસ્યા દૂર થશે.

### દેવભૂમિ દેવળીયાનાં સરપંચે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# અમરેલી : આયુષ્યમાન ભારત કાર્ડમાં ઉભી થતી મુશ્કેલીઓનુ નિવારણ કરવા માંગ

## કાર્ડને રીન્યુ કરવામાં થતો વિલંબ દુર કરો

અમરેલી, તા. ૧૨

અમરેલીનાં દેવભૂમિ દેવળીયા ગામનાં સરપંચ ભાવનાબેન સુખડીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (આયુષ્યમાન ભારત) કેન્દ્ર સરકારની આરોગ્ય લક્ષી યોજના કાર્ડ થકી ૧૦/– લાખ સુધીનાં દરેક કાર્ડ ધારકને આનો ભરપુર લાભ મળે છે. અને હાલ આ કાર્ડને રીન્યુ કરવા સબંધીત ઓનલાઈન અરજીની પ્રક્રિયામાં કાર્ડ અપડેટ થતાં અંદાથે ૮ થી ૧૦ દિવસ જેટલો સમય પસાર થઈ જાય છે. અનેક કિસ્સામાં દર્દીઓને તાત્કાલીક ઓપરેશન કે સારવારની જરૂરિયાત હોય પરંતુ આ કાર્ડ અપડેટ પ્રોસેસમાં હોય ખુબ જ યાતનાઓ વેઠવી પડે છે. જેથી આ બાબતે ત્વરીત સંબંધીત વિભાગને સુચના આપી વ્યાપક પ્રમાણમાં ઉભી થયેલ સમસ્યાને નિકાલ કરવા અંતમાં માંગ કરેલ છે.

# જાફરાબાદ ખાતે ટીબીના દર્દીઓ માટે પૌષ્ટિક અક્ષય કીટનું વિતરણ



જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત કિરીટ પ્રભુદાસ મહેતા વિદ્યાલયની બે કૃતિ તાલુકામાંથી પસંદગી પામીને જીલ્લા કક્ષાએ ગયેલ, તેમાંથી વિભાગ – ૫ની એક કૃતિ આયુર્વેદિક ઘરેલું સાબુ જીલ્લા કક્ષાએ પ્રથમ પસંદગી પામીને ઝોન કક્ષાએ ભાગ લેવા જશે. ઉપરોકત સિધ્ધિને ટ્રસ્ટી પરિવાર અને શાળા પરિવાર વતી પસંદગી પામનાર બાળ વિજ્ઞાનિકો (૧) શિયાળ કૃપાલીબેન, (૨) પસંદગી થતા મોરનાં ઈંડા ચીતરવા ન પડે એ કહેવત સાર્થક કરી છે. આથી શિક્ષક જગતના સાર સ્વ તો ગૌરવની લાગણી અનુભવે છે. આ સિધ્ધિ મેળવવા બદલ ગઢિયા સંધ્યા બેન તથા તેમના માર્ગદર્શક શિક્ષકો વલ્લભભાઈ અને સવિતાબેન અભિનંદન પાઠવવામાં આવ્યા. આ કૃતિ ઝોન કક્ષાએથી રાજય કક્ષામાં પસંદગી પામે તે માટેની જાફરાબાદ કેળ વણી ઉત્તેજક મંડળના પ્રમુખ કિરીટભાઈ મહેતા તથા માનદ મંત્રી યોગેશભાઈ ગોરડિયા તથા તમામ ટ્રસ્ટીઓ તેમજ શાળા પરિવાર દ્વારા શુભેરછાઓ પાઠવવામાં આવી.


PRIME PROPERTY
રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

આંબાનો બગીચો વેચવાનો છે.
ધારીથી માત્ર ૫ કિલોમીટર દૂર...
ધારી–અમરેલી રોડ ઉપર કુલ–૨૧ વીઘા
આંબા – ૧૩૦૦ (૮ વર્ષના) + ૭૦૦ (૪ વર્ષના) = ૨૦૦૦ (ટોટલ આંબા)
રાવણા - ચીકુ - લીંબુડી - નાળીયેરી
૨૦ HP / ૧૫ HP નાં ૨(બે) કનેકશન
૭૫૦ ફુટના ૨ (બે) બોર
૧૫ વીઘામાં જીણીનેટ બાંધેલ
મજુરો માટે ૨ (બે) પતરાની રૂમો
સંપર્ક મો. ૯૬૩૮૪ ૫૨૩૩૩


### એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ દ્વારા

# અમરેલી : એસ.ટી.ના અધિકારી વિરૂધ્ધ ગુન્હો નોંધવા હુકમ કરાયો

## એડવોકેટ એફ.વાય. મુસાણી અને એસ.આર. કાતરીયાની દલીલો સફળ


અમરેલી, તા. ૧૨

અમરેલીના જાતીફ સતામણીનાં ગુન્હામાં એસ.ટી.નાં અધિકારી ઉપર ફરિયાદ દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

આ કામે હકીકત એવી છે કે, ફરિયાદી અમરેલી ડેપોમાં મહિલા કંડકટર તરીકે ફરજ બજાવતા હતા અને તેમના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વારંવાર બિભસ્ત માંગણીઓ કરેલ અને જો આ અંગેની ફરિયાદ કરશે તો નોકરીમાંથી ડિસમિસ અથવા ગુમ કરી દેવાની ધમકીઓ આપેલ જે બાબતે ફરિયાદીએ અદાલતમાં આરોપીઓ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ ૩૫૪(એ), ૧૧૪, ૩૯૪, ૩૯૫ તથા ૫૦૬(૨) અન્વયે ફોજદારી ઈન્કવાયરી કેસ નં. ૦૬/૨૦૨૨ દાખલ કરેલ અને સાથે દસ્તાવેજી પુરાવા તથા મૌખિક પુરાવાઓ રજુ કરેલ ત્યારબાદ અદાલતે સંબંધિત પોલીસ



અધિકારીઓને આ કામની તપાસ કરી ૩૦ દિવસમાં રીપોર્ટ રજુ કરવા આદેશ કરેલ ત્યારબાદ જે રિપોર્ટ રજુ થયેલ અને સદર કેસ ચાલી જતાં ફરિયાદીના દસ્તાવેજી પુરાવા અને અદાલતમાં સોગંદ ઉપર જુબાની આપેલ અને આરોપીઓ તરફે રજુ થયેલ નકારાત્મક પોલીસ રીપોર્ટ આ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કીર એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ



એસ.આર. મુલતાની અદાલતે ફોજદારી કેસ રજીસ્ટર કરવાનો હુકમ કરેલ છે જેનો ફોજદારી કેસ નં. ૨૪૭૭/૨૦૨૫ પડેલ છે અને સદર કામના આરોપીઓ અદાલતે તારીખ ૬/૧/૨૬ના રોજ અદાલત સમક્ષ હાજર રહેવુ હુકમ કરેલ છે. આ કામે ફરિયાદી તરફે વકીલ એફ.વાય. મુસાણી તથા સંજયકુમાર એસ. કાતરીયા રોકાયેલા હતા.

### જિલ્લામાં ચાલું સિઝનમાં ફરી એક વખત ઠંડીમાં વધારો નોંધાયો

# અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો ૧૦ ડીગ્રી સુધી નીચો આવતાં ટ્રાફિકથી ધમધમતા માર્ગો સુમસામ બન્યા

## વ્હેલી સવારે ઠંડીનાં કારણે બજાર સુમસામ જોવા મળી

અમરેલી, તા. ૧૨

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી કોલ્ડવેવની અસર હોય ભારે પવન સાથે કડકડતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા છે. ત્યારે આજે વ્હેલી સવારે અમરેલી જિલ્લામાં ચાલું સિઝનમાં ફરી એક વખત ઠંડીમાં નોંધપાત્ર વધારો જોવાં મળ્યો છે. આજે અમરેલી ૧૦.૪ ડિગ્રી જેટલું નીચું તાપમાન તાપમાન નોંધાયું છે.

અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા ઘણાં દિવસથી ઠંડી પડી રહી છે. ઠંડીના કારણે આજે સવારે શહેરના મુખ્ય માર્ગો મોડે સુધી સૂમસામ જોવા મળતા હતા. ત્યારે સવારે સ્કૂલે જતાં બાળકો પણ રંગબેરંગી ગરમ કપડામાં ઢબુરાઈને સ્કૂલે જતાં જોવા મળતા હતા. જયારે મોર્નિંગ વોકમાં નીકળતા લોકો પણ ઠંડીના કારણે ઓછા જોવા મળી રહયા હતા.

ગઈકાલે પણ દિવસભર હવામાન ઠંડુગાર રહેતા અને રાત ઢળતા જ ઠંડી વધી જતાં શહેરના વેપારીઓ પણ રાત્રે વહેલાસર ધંધા રોજગાર આટોપી અને ઘર તરફ નીકળી ગયા હતા.

ત્યારે આજે અમરેલી ખાતે મહત્તમ તાપમાન ૩૦.૫, લઘુત્તમ તાપમાન ૧૦.૪, ભેજનું પ્રમાણ ૭૦ ટકા અને પવનની ગતિ ૦.૪ કિ.મી. નોંધાયેલ છે.

### ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા

# અમરેલી જિલ્લાના સ્વંયસેવકોને આપવામાં આવી 'યુવા આપદા મિત્ર' તાલીમ

## પ્રાથમિક રાહત કામગીરી કરી શકે તેવા યુવાનોને અપાઈ રહી છે તાલીમ

અમરેલી, તા. ૧૨

કેન્દ્ર સરકારની નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની 'યુવા આપદા મિત્ર' (YAMS) યોજના અંતર્ગત ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ (GSDMA) ગાંધીગરના માર્ગદર્શન હેઠળ રાજયના વિવિધ SDRF સેન્ટર ખાતે એનસીસી એમ.વાય.બી અને એન.એસ.એસના સ્વયં સેવકોને આપત્તિ વ્યવસ્થાપનની 'યુવા આપદા મિત્ર' તાલીમ આપવામાં આવી રહી છે.

આ કાર્યક્રમના ભાગરૂપે અમરેલી જિલ્લાના એન.એસ.એસના ૩૪ યુવક–યુવતીઓ ગોંડલ સ્થિત એસ.ડી.આર.એફ–૮ સેન્ટર ખાતે તાલીમ મેળવી રહ્યા છે.


આ તાલીમ શિબિમાં આપત્તિ વ્યવસ્થાપન વિશેની માહિતી ઉપરાંત ભૂકંપ, વાવાઝોડું, પૂર, સુનામી, ફાયર સેફટી, મૂળભૂત શોધ, બચાવ અને ઘાયલ વ્યક્તિને ઉપાડવાની પધ્ધતિ, સમુદાય આધારિત પ્રાથમિક



સારવાર અને સી.પી.આર, બી.એલ.એસ જેવા મહવના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અમરેલી જિલ્લામાં કોઈ પણ આપત્તિના સમયે આ તાલીમબદ્ધ 'યુવા આપદા મિત્રો' જિલ્લા વહીવટી તંત્ર તેમજ સ્થાનિક લેવલે ઉપયોગી નિવડશે તેમ ડીઝાસ્ટર, મેનેજમેન્ટ, સેલ અમરેલીની એક યાદીમાં જણાવાયું છે.

# અમરેલી પંચાયત ૧૦૮ ઇમરજન્સી સેવા દ્વારા જીએસઆરટી નિગમના ૮૦ કર્મચારીઓને ૧૦૮ વિશે માહિતગાર કરાયા



અમરેલી પંચાયત ઓફિસ ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા જીએસઆરટીસી નિગમના કર્મચારીઓને ૧૦૮ વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી સાથે સાથે સીપીઆર, ફર્સ્ટ એડ, કાર્ડિયાક ઈમરજન્સી, કન્વર્ઝન ઈમરજન્સી, પેરાલીસીસ ઈમરજન્સી વિગેરે જેવી ઈમરજન્સીમાં એસ.ટી. નિગમના કર્મચારીઓને ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી અને ૧૦૮ વિશે સમજ આપી ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું.

## રાજકોટનાં ટીઆરપી કાંડ બાદ પણ તંત્રમાં ગંભીરતા જોવા મળતી નથી

# અમરેલીમાં ''ઉત્સવ મેળા''નાં આયોજનમાં અનેક નિયમોનો ઉલાળીયો

**રાજ્ય સરકારે જાહેર કરેલી નવી શરતો પૈકી મોટાભાગની શરતોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન સ્પષ્ટ નજરે ચડે છે**

**અતિ જોખમી મહાકાય ચકડોળ પણ રામભરોસે ફરતાં હોવાનું જાગૃત નાગરિકે જણાવ્યું**

**જવાબદાર વિભાગનાં અધિકારીઓ યુદ્ધનાં ધોરણે મેળાનાં સ્થળનું કરે નિરીક્ષણ**

**કોઈ અકસ્માતની ઘટના બને બાદમાં દોડધામ કરવી તેના કરતાં તંત્રએ SOPની કડક અમલવારી કરાવવી જોઈએ**




અમરેલી, તા. ૧૨

અમરેલી શહેરની કલેકટર કચેરીની પાછળ આવેલ ફોરવર્ડ સ્કુલના ગ્રાઉન્ડમાં શરૂ થયેલ ઉત્સવ મેળો નહીં પણ મોતનો મેળો હોવાની સ્પષ્ટ પ્રતીતિ જોવા મળી રહી છે. સરકારના નિયમ મુજબ અંડર ગ્રાઉન્ડ વાયરીંગ કરવાની સૂચના હોવા છતાં ઈલેકટ્રીક વાયરો ખુલ્લા હોવાથી અકસ્માતની ગંભીર શકયતાઓ ઉડીને આંખે વળગી રહી છે. મેળાની જે જે રાઈડઝ હોય તેમાં આર.સી.સી. ફાઉન્ડેશનનું સ્ટ્રકચર જમીનમાં ઊભું કર્યા બાદ રાઈડઝ ઊભી કરવી જોઈએ. પણ આર.સી.સી. સ્ટ્રકચર વગર માત્ર જમીન પર મસમોટા ચકડોળ, નાવડી, બ્રેકડાન્સ, ટોરાટોરા જેવી વિશાળ રાઈડઝ નીચે લાકડાના ટેકાઓ રાખીને ઊભી કરવામાં આવી હોય ત્યારે ગમખ્વાર અકસ્માત સર્જાવાની ગંભીર શકયતાઓ જોવા મળી રહી છે. સાથે સાથે લોકમેળાની દરેક રાઈડઝ પર ફાયર વિભાગની ફાયર બોટલ રાખવાની હોય તે ફાયર બોટલ અપડેટ નથી ને લોલમલોલ આખો ઉત્સવ લોકમેળો ધમધમી રહ્યો હોય. ત્યારે મેળો માણવા આવેલા સ્થાનિકો ખુબજ ચિંતિત બન્યા છે અને સરકારની એસઓપીના પાલન વગર મેળો ધમધમતો હોવા છતાં આંખ આડા કાન કરતું હોવાનું મેળો માણવા આવેલા સ્થાનિકો જણાવી રહ્યા છે.

સરકાર દ્વારા અગાઉની દુર્ઘટનાઓ ધ્યાને લઈને કડક એસઓપી બનાવી છે પણ કાગળ પર માત્ર આ એસઓપી હોય તેમ સરકારની ગાઈડ લાઈનનો ઉલાળિયો કરીને એસઓપીના પાલનના નિયમ મુજબ એમ્બ્યુલન્સ, ફાયરના ટાંકા કે વોટર ટેન્ક વગર ધમધમી રહ્યો છે મોતનો લોકમેળો. ત્યારે મેળો માણવા આવેલા નરેશ અધ્યારૂએ અમરેલી પ્રાંત કલેકટર નાકિયાને કોલ કરીને સરકારની ગાઈડલાઈનના નિયમોનો સરેઆમ ઉલળિયો થયો હોવાનું જણાવ્યું હતું ને આવા મોતના મેળાઓ બંધ થાય નહિતર અગાઉ હરણીકાંડથી લઈને રાજકોટ, વડોદરા જેવી ગંભીર દુર્ઘટના ઘટશે તેની જવાબદારી કોની તેવા સવાલો લોકમેળાના લાયસન્સ આપનાર અધિકારીને કર્યા હતા. ત્યારે છેલ્લા એક અઠવાડિયાથી આ ધમધમતો મોતનો મેળો ગંભીર દુર્ઘટનાની સાક્ષી પૂરી રહ્યો હોવા છતાં તંત્ર ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવતું હોવાનું જણાઈ રહ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે અમરેલીમાં મેળો તેમજ જીમખાના મેદાનમાં સર્કસનો શો પણ શરૂ હોય ત્યાં પણ એસઓપીની અમલવારી થઈ રહી છે કે ત્યાં પણ લોલમલોલ ચાલે છે તેની ચકાસણી કરવી જરૂરી બની છે.





























# વિનોબાજીની અહિંસાનો ચમત્કાર – ૩

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

અગાઉના પ્રથમ હપ્તામાં આપણે આશ્રમ પવનારની વાત ગતિવિધિ વિશે જોયું. બીજા હપ્તામાં ચંબલ ખીણનાં ડાકુઓએ કરેલ આત્મસમર્પણ જોયું. આ ત્રીજા હપ્તામાં પણ વિનોબાજીની અહિંસક ક્રાંતીના દર્શન કરાવતી વાત જોઈશું.વાત છે ૧૧ મે ૧૯૬૦ની એ દિવસે બાબા ઉત્તરપ્રદેશથી મધ્યપ્રદેશમાં હજી પ્રવેશ કરી રહ્યા હતા. ચંબલ ધારીને પાર કરી ડાકુઓના મુખ્ય અડો ભીંડ મુરેનામાં જવાનુ હતું. ત્યાં ઘાટ પાર કરવા માટે બે નૌકા તૈયાર હતી એક નૌકા ચૈધરીની જુની નૌકા અને બીજી કેવટની નવી નકકોર નૌકા જયારથી કેવટે સાંભળ લું કે બાબા અહિં ઘાટ પાર કરવા આવવાનાં છે ત્યારથી કેવટ નવી નાવ બનાવવા લાગેલો. ને સાવ



નવી હોડી તૈયાર કરીને રાહ જોતો હતો.અહીં બે પ્રસંગ યાદ આવે છે પહેલો પ્રસંગ અયોધ્યાથી રામ, લક્ષ્મણને સીતા નદી પાર કરવા માટે કેવટને કહે છે ત્યારનો પ્રસંગ અને બીજો પ્રસંગ પંપા સરોવરના કાંઠે પેલી ભીલડી શબરી રમ રાહમાં બેઠી બેઠી રામનામનું રટણ કરતી હતી.કેવટની મનોકામના હતી કે બાબાના ચરણોથી મારી નવી હોડીનું ઉદ્ઘાટન થાય. જયારે બીજી તરફ ચૌધરી પણ એવું જ વિચારી રહ્યો હતો. કે ‘‘આ ઘાટ તો મારો છે એટલે બાબાને પેલે પાર લઈ જવાનું સૌભાગ્ય મને જ મળવું જોઈએ.’’ વિનોબાનું કામ બે દિલને જોડવાનું હતું. પણ બન્ને સમજે એમ હતા નહિ. રકઝક ચાલી બાબાએ એમના આગ્રહનો તોડ કાઢયો કે બન્ને નાવને સાથે જોડી દયો એટલે બન્ને નાવને બાબાના ચરણસ્પર્શનો લાભ મળી જશે. અને બાબા પહેલી નાવમાં ચડી બીજી નાવમાં જઈ બેસી ગયા.ઉષઃકાળ હતો. એવા સુંદર આહલાદક વાતાવરણમાં બન્ને નાવિકોએ બાબાનાં ચરણ પખાળ્યા. ચરણામૃત લીધું. પુષ્પવર્ષા કરી. શંખનાદ સાથે ઘંટનાદ પણ કરવામાં આવ્યો. આવા વિધિ વિધાન બાદ બાબા તથા સાથીઓ પહેલી નાવમાં ચડી બીજી નાવમાં જઈને બેઠા ભારતદેશની મહાન વિભૂતીને લોકો નાવિકો કેવા આદરભાવથી જોઈ હદયમાં પ્રભુનુ સ્થાન આપતા હતાં. ત્યારે હોડીમાં બેઠેલી બહેનોએ ગીત ઉપાડયું.‘‘મારી નાનકડી નાવ તારા જાદુ ભર્યા પાંવમને ડર લાગે એ રામ, કેમ ચડાવું તમને નાવમાં.’’બીજા ઘાટ પર જયારે બાબા ઉતર્યા ત્યારે ઘાટની રેતીમાં પલાંઠીવાળી બેસી ગયા. પણ ત્યાં તો સ્વાગત આવકારવા માટે લોકોની ભારે ભીડ હતી. બાબાને બેઠેલા જોયા ને ઉપસ્થિત સૌ તેમને કુંડાળે બેસી ગયા. મધ્યપ્રદેશના કાર્યકર્તાઓએ બાબનું તથા અન્ય સેવકોનું હદયથી સ્વાગત કર્યુ.સ્વાગતનો સ્વીકાર કરતા બાબા બોલ્યા ‘‘ડાકુ પેદા થતો નથી. ડાકુ તો બનાવવામાં આવે છે. મારૂ માનવું છે કે આ જગતમાં એવો કોસઈ આદમી જન્મયો નહિ હોય કે જેણે જિંદગીમાં કોઈ ખરાબ કામ ન કર્યુ હોય. ડાકુઓએ ખરાબ કામ કર્યા તો પોલીસે પણ કર્યા કર્યા હશે. અને લોકોને પણ ખરાબ કામો કર્યા હશે. એટલે જ ક્ષમા કરવી એ આપણો ધર્મ છે મને તો ડાકુઓ પોલીસ અને જમીનવાળા બધાં જ પ્યારા છે. બાબા થોડીવાર અટકી ફરી બોલ્યા, ભાઈઓ આ ડાકુઓ તમારો છઠો ભાઈ છે એમને માટે તમારા દરવાજા ખોલી નાંખો. પ્રેમથી સ્વાગત કરો અને અપનાવો. શા માટે પાંડવો પાંચ નહિ છ હતાં. પાંડવો પોતાના છઠાભાઈને નિયતિની ભૂલી ગયા ને મહાભારત રચાયું. એટલા માટે તમે તમારા છઠાભાઈને તમારી સાથે રાખો. વળી આ ડાકુઓનુ પરિવર્તન સાધુમાં પોલીસમાં અને કાર્યકર્તાઓમાં થઈ શકે છે. તેઓ સારા સેવક પણ બની શકે છે માત્ર તેમનો રસ્તો બદલવાનો છે કારણ કે તેમની કાર્યગાડી ખોટા રસ્તે ચાલી રહી છે. એવા લોકોને પ્રેમથી દયાથી જીતવા ખુબ સરળ છે. આમ ડાકુઓએ આત્મસમર્પણ કર્યુ.



# બાલ એક્સપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## કેન્સરની શકયતા વિચારો




ન રૂઝાતું ચાંદું, અવાજ બદલાવો/ખોખરો થવો, મસ–તલના રંગ અથવા આકારમાં ફેરફાર થવો, ઝાડા કે પેશાબમાં લોહી પડવું, કારણ વગર વજન ઘટવું, ખાંસી આવવી અથવા ગળફામાં લોહી પડવું.

**વૃધ્ધાવસ્થા** (Geriatrics)


આયુષ્ય લંબાતું જાય છે. આપણા દેશમાં ૨૦૨૫ સુધીમાં ૧૭ કરોડ લોકો મોટી ઉંમરના (૬૦ વર્ષથી વધુ ઉંમરના) હશે.

૪૫ ટકા મોટી ઉંમરના લોકોમાં હઠીલાં દર્દો (Chronic Diseases) અને અપંગતા હોય છે. હાઈ બ્લડપ્રેશર, મોતિયો, ફેફસાંના રોગો, હૃદયરોગ, ડાયાબિટીસ, વા, પ્રોસ્ટેટગ્રંથિ વૃદ્ધિ, પેટમાં અપચો, તણાવ વગેરે સામાન્ય રીતે જોવા મળે છે, જે લગભગ માંદગીના ૮૫ ટકા હોય છે. ઘડપણમાં મગજનો હુમલો (Stroke), યાદશકિત ગુમાવવી, હાડકાં બરડ થવાં, હૃદય પહોળું થવું વગેરે જોવા મળે છે. મોટી ઉંમરમાં ઘણી વાર એકસાથે ૨–૩ જુદા જુદા અવયવોની તકલીફ હોય છે અથવા એકથી શરૂ થઈ બીજી ઊભી થાય છે. કોઈ પણ તકલીફ નવી ઊભી થાય તો ચાલુ દવામાં કોઈ નવી ઉમેરી હોય તેની વિપરીત અસર તો નથી તેની તપાસ કરવી.

સમતોલ આહાર, હળવી કસરત, વ્યસનનો ત્યાગ, નિયમિત તપાસ, અકસ્માત ન થાય તેની તકેદારી, જરૂરી રસીકરણ તથા સામાજિક રહેણીકરણી સાથે કાર્યરત રહેવાથી તબિયત સારી રહે છે.

## વિચિત્ર ન્યાય

એક ગામના બે ભાઈઓ બાજુના શહેરમાં જઈ રહ્યા હતા. બન્ને એક જ ગામના હોવાથી વાતચીત કરતા કરતા રસ્તો કાપતા હતા. તેવામાં આગળ જતા એક ત્રીજો



ભાઈ મળ્યો. પેલા બન્ને ભાઈઓને થયુ, સારૂ થયુ બે કરતાં ત્રણ ભલા.જંગલમાં આગળ જતાં રસ્તો કાપતા–કાપતા બપોર થઈ એક ઝાડ નીચે બેસી આરામ કરવાનુ વિચાર્યુ. પેલા બન્ને ભાઈઓ પાસે ભાતુ હતુ. પણ ત્રીજા પાસે ભાતુ ન હતું, પેલા બન્નેએ કહ્યું ‘‘કાંઈ વાંધો નહિ જે છે તેમાંથી આપણે ત્રણેય જમી લેશું.’’જમીને આરામ કરીને ત્રણેય ભાઈઓ જાગ્યા, પેલા ત્રીજા ભાઈને વધારે કામ હોવાથી આ બન્ને કરતા વધારે ઝડપથી તેને ચાલવાનું હતુ તેથી પોતાના ખીસ્સામાંથી આઠ આની કાઢી. એકને પાંચ આની અને બીજાને ત્રણ આની આપી તે મુસાફર ચાલતો થયો.આ બે મુસાફરોમાં એક ભલો અને પ્રામાણિક હતો. બીજો લુચ્ચો અને લોભી હતો. તેનું કહેવું હતું આપણા બન્નેનું ભાતુ હોવાથી રકમ સરખીજ મળવી જોઈએ.પેલો ભલો માણસ કહે ‘‘તમને અન્યાય લાગતો હોય તો ચાલો આપણે ન્યાયાધીશ પાસે ન્યાય કરાવી લઈએ’’ બન્નેએ ન્યાયાધીશને સંપૂર્ણ વાત કરી, ન્યાય આપવા વિનંતી કરી.ન્યાયાધીશે ભલા માણસને પૂછ્યું ‘‘ભાઈ તમારી કેટલી રોટલી હતી ?’’ ભલો માણસ : ‘‘સાહેબ, મારી પાંચ રોટલી હતી.’’ન્યાયાધીશ બીજા માણસને,ન્યાયાધીશ – ‘‘તમારી કેટલી રોટલી હતી ?’’ફરિયાદી – ‘‘સાહેબ મારી ત્રણ રોટલી હતી ?’’ન્યાયાધીશ – ‘‘તમે બધી રોટલીના અંદાજે કેટલા ટૂકડા કર્યા ?’’બન્ને : ‘‘ત્રણ–ત્રણ ટૂકડા’’ન્યાયાધીશ – ‘‘તો કુલ કેટલા ટૂકડા થયા ?’’ બન્ને : ‘‘૨૪ ટૂકડા થયા’ન્યાયાધીશ : ‘‘તમે ત્રણેયે કેટલા કેટલા ટૂકડા ખાધા’’બન્ને : ‘‘અમે આઠ–આઠ ટૂકડા ખાધા’’ન્યાયાધીશ : તો સાંભળો પેલા ભાઈની પાંચ રોટલી હતી તેના ૧૫ ટૂકડા થયા, તેમાંથી ૮ ટૂકડા તેણે પોતાનામાંથી ખાધા હવે ૭ વધ્યા.બીજા પાસે ૩ રોટલી હતી તેના ૩–૩ ટૂકડા કરતા ૯ થયા. તેમાંથી આઠ ટૂકડા તો તેણે ખાધા, તેથી તેના ભાગમાંથી માત્ર ૧ ટૂકડો વધ્યો. તેથી પાંચ રોટલી વાળાને ૭ આની મળે અને ત્રણ રોટલી વાળાને ૧ આની મળે. કુલ આઠ આની મળવી જોઈએ. ન્યાયાધીશનો ન્યાય સાંભળી લૂચ્ચો માણસ કશુજ બોલ્યા વિના જતો રહ્યો...

## છે તેટલું તો વાપરો !

એક દિવસ ચારપાંચ જુવાનિયા મારી પાસે આવ્યા. વાત વાતમાં તેમણે પૂછ્યું : ‘‘મહારાજ, અમે ઈંડાં ખાઈએ તે અંગે તમારો શો અભિપ્રાય છે ?’’

મને થયું: એમને શો જવાબ આપું ? પણ તરત જ મારાથી કહેવાઈ ગયું : ‘‘અલ્યા, તમારે ઈંડાં ખાવાં કે નહીં એમાં મને શું પૂછો છો ? એ ઈંડાંની મૂકનાર માને જ પૂછી જુઓ ને !’’

‘‘પણ દાદા, નિર્જીવ ઈંડાં ખાઈએ તો ?’’

‘‘પણ, મને એ તો કહો કે તમારે ઈંડાં ખાવાં છે શું કામ ?’’

‘‘કેમ ? ઈંડાંમાં પુષ્કળ વિટામિન અને પ્રોટીન હોય છે’’ યુવાનોમાંથી એકે કહ્યું.

‘‘તમારી પાસે છે એટલું વિટામિન તો વાપરો ! પછી ખૂટે તો વિચારજો.’’

અને એના અનુસંધાનમાં ગાંધીજીની એક વાત મને યાદ આવી તે મેં જુવાનોને કહી સંભળાવી :

ગાંધીજી તો પ્રયોગવીર હતા. અનેક જાતના પ્રયોગો કરતા. એમનું જીવન એટલે પ્રયોગ. એક દિવસ ગાંધીજીને વિચાર આવ્યો કે માણસ જો કાચું જ અનાજ ખાવાની ટેવ પાડે, તો એની કેટલીયે શકિત બચે અને ઓછી વસ્તુમાંથી પણ વધારે તાકાત મેળવી શકે.




ગાંધીજીને વિચાર આવ્યો એટલે જોઈએ શું ? પોતાની જાતથી જ શરૂ કરે. એ જ તેમના જીવનની વિશેષતા હતી. મને તેમની આ વાત ગમી ને હું તેમના પ્રયોગમાં જોડાયો. ત્રણચાર દિવસ તો બાપુને આ પ્રયોગથી ખૂબ સ્ફૂર્તિ રહી, પણ પછી તેમને ઝાડા થઈ ગયા.

એક દિવસ તેમના ઓરડામાં મારે કાંઈક લેવા જવાનું થયું. બાપુએ મને બોલાવ્યો.

‘‘તારો પ્રયોગ ચાલે છે ?’’ એમણે પૂછ્યું.

‘‘હા.’’ મેં ટૂંકો જવાબ આપ્યો.

‘‘વજન ઘટ્યું ?’’

‘‘પોણો શેર ઘટ્યું છે.’’

‘‘પણ શકિત ?’’

‘‘થોડી ઘટી હોય એમ લાગે છે.’’

‘‘તું શું કામ કરે છે ?’’

મેં મારે ભાગે આવતાં બધાં જ કામો ગણાવ્યાં.

‘‘આ બધું કામ થઈ શકે છે ?’’‘‘હા, એમાં વાંધો નથી આવતો.’’


‘‘તો પછી શકિત થોડી ઘટી છે એમ શા ઉપરથી કહે છે ?’’

એ વાણિયાને હું શો જવાબ આપું! અને પછી બાપુએ જે ભાષ્ય કર્યું તે હું કદી ભૂલી શકું એમ નથી :

‘‘તને ખબર છે ? ખપની શકિત કરતાં વધારે શકિત શરીરમાં ઉત્પન્ન થાય તો તેમાંથી વિકાર જન્મે. આ બહુ સમજવા જેવી વાત છે. એટલે જેટલું કામ કરવાનું હોય એટલી જ શકિત ઉત્પન્ન કરવી જોઈએ. વધારાની શકિતથી લાભ નથી. ઊલટાની વધારાની શકિત ચિત્તને ઈંદ્રિયોમાં વિકાર પેદા કરે છે.’’

## આ મશરૂમ શું છે

ચોમાસામાં વરસાદ પછી જમીન પર ફૂટી નીકળતાં બિલાડીના ટોપ તમે જોયા હશે. બિલાડીના ટોપને મશરૂમ કહે છે. તે વનસ્પતિ નથી પરંતુ ફૂગ એટલે કે ફંગી વર્ગનું સજીવ છે. તે પોતાની મેળે પ્રકાશ સંશ્લેષણથી ખોરાક બનાવતાં નથી પરંતુ ખરી પડેલા પાંદડા વગેરેના સડામાંથી ખોરાક મેળવી વધે છે. મશરૂમમાંથી ખાદ્ય વાનગીઓ બને છે.



ચોમાસામાં ઊગેલા બિલાડીના ટોપમાંથી સુક્ષ્મ વિજાણુઓ (સ્પોર્સ) સતત હવામાં ફેલાતાં હોય છે. નરી આંખે તે દેખાતાં નથી. અને વનસ્પતિના બીજની જેમ તે જમીન પર પડયા હોય છે. ચોમાસામાં ખાતરવાળી જમીનમાં આ સ્પોર્સમાંથી તાંતણા સ્વરૂપે નવા મશરૂમ પેદા થાય છે. બિલાડીના ટોપ વિવિધ રંગના જોવા મળે છે. આપણે તેને બિલાડીના ટોપ અને દેડકાની છત્રી એમ બે નામે ઓળખીએ છીએ. આ બંને પ્રકારના મશરૂમ જુદા છે. બંને મશરૂમને ટોડસ્ટૂલ કહે છે. બંનેની લગભગ ૩૦૦૦ કરતાં વધુ જાતો છે. ફિલ્ડ મશરૂમ ૧૦ સેન્ટીમીટરનો વ્યાસ ધરાવતા હોય છે. દેડકાની છત્રી તરીકે ઓળખાતા મશરૂમ ઝેરી હોય છે.

વિવિધ વૃક્ષો નીચે પેદા થતા મશરૂમ તે વૃક્ષના મૂળિયામાંથી ખોરાકનું શોષણ કરતાં હોય છે એટલે મશરૂમમાં તે વનસ્પતિના સ્વાદ, ગંધ વગેરે થોડા પ્રમાણમાં આવે છે. આ વિવિધતાને કારણે મશરૂમ ખાવા લાયક બન્યા છે. આપણે ત્યાં બહુ પ્રચલિત નથી પરંતુ કેટલીક હોટલો મશરૂમની વાનગીઓ માટે જાણીતી છે.

## પડછાયો





બાલમિત્રો,

આપણા જીવનમાં ત્રણ ઋતુઓ વારાફરતી આવે છે ને જાય છે. માણસોને એકપણ ઋતુ ગમતી નથી, વરસાદમાં પલળવાની, શીયાળામાં ઠડીની ને ઉનાળામાં ગરમીની બીક લાગે, પણ કુદરત તો એનુ કામ કરતી જ રહે છે. અને માનવે એ ત્રણેય ઋતુથી બચવા વૈજ્ઞાનિક ઉપાયો શોધી કાઢયાને આરામથી રહે છે.



પણ સાવ એવું નથી. જીવનમાં દરેક ઋતુનું મહત્વ છે. જો વરસાદ ન આવે તો ચિંતા, વધુ આવે તો ચિંતા, ઠંડી વધુ પડે તો ચિંતા ન પડે તોય ચિંતા, ગરમી વધુ પડે જો બુમો પાડે ને ન પડે તો બળાવો કાઢે આવો ઉનાળો હોય, ગરમી જ પડી નહિ. આમાં માણસને પહોંચવું કયાં ?

બાળમિત્રો, અત્યારે શિયાળો ચાલે છે, કહે છે કે શિયાળાનું છાણું ને યુવાનીનું નાણું, જો ભેગું કર્યુ તો ઠીક નીહતર બધું ગયું માટે મિત્રો શિયાળામાં પ્રેમથી, આનંદથી, મન મકકમ કરીને હરોફરો, ખાવપીવોને સારી કસરત કરો, ભવિષ્યમાં ખુબ કામ લાગશે.

## વાણિયો અને કાગડો

એક કાગડો હતો. તે રોજ વાણિયાના છોકરાના હાથમાંથી પૂરી લઈ જાય. વાણિયો ખિજાયો. તેણે વિચાર કર્યો કે આ કાગડાને એવી શિક્ષા કરવી કે પૂરી લેતો ભૂલી જાય.

પછી એક વાર વાણિયો મોઢામાં દહીં ભરીને ગામની બહાર એક વડ હતો તેની નીચે જઈને સૂતો અને મરી ગયાનો ઢોંગ કર્યો, આંખો ફાડી રાખી ને હાલતો ચાલતો બંધ થઈ ગયો.પેલો કાગડો ઊડતો ઊડતો ત્યાં આવ્યો.કાગડે વિચાર્યુ : ‘આ વાણિયો મરી ગયો લાગે છે, માટે હવે દહીં ખાઈએ.’ કાગડાભાઈ જયાં વાણિયાના મોંમાં ચાંચ નાખવા જાય ત્યાં વાણિયે મોઢું બંધ કરી દીધું ને કાગડાભાઈને મજબૂત પકડી રાખ્યા. કાગડે વિચાર્યુ કે હવે છૂટી જવાની કંઈક યુકિત કરવી જોઈએ. એટલે કાગડે વાણિયાને ‘કોણ કાકો નંદ કે ?’

વાણિયે વિચાર્યું કે જો જવાબ દઈશ તો મોઢું ઊઘડશે અને કાગડો ઊડી જશે એટલે બરાબર દાંત ભીંસીને તે બોલ્યો : ‘હુંઉ, કાકા હુંઉ.’

આથી તો કાગડાની ચાંચ ખૂબ દબાઈ અને કાગડો મરવા જેવો થઈ ગયો !વાણિયે ધાર્યુ કે હવે શિક્ષા વિચાર્યુ : ‘આ વાણિયો મરી ગયો લાગે છે, માટે હવે દહીં ખાઈએ.’કાગડાભાઈ જયાં વાણિયાના મોંમાં ચાંચ નાખવા જાય ત્યાં વાણિયે મોઢું બંધ કરી દીધું ને કાગડાભાઈને મજબૂત પકડી રાખ્યા. કાગડે વિચાર્યુ કે હવે છૂટી જવાની કંઈક યુકિત કરવી જોઈએ.




બહુ થઈ માટે એને છોડી દઈએ. પછી એણે કાગડાને છોડી દીધો.ફરી વાર કાગડો વાણિયાના છોકરાના હાથમાંથી પૂરી લેતો ભૂલી ગયો.૬૯. વાણિયો અને કાગડો

એક કાગડો હતો. તે રોજ વાણિયાના છોકરાના હાથમાંથી પૂરી લઈ જાય. વાણિયો ખિજાયો. તેણે વિચાર કર્યો કે આ કાગડાને એવી શિક્ષા કરવી કે પૂરી લેતો ભૂલી જાય.પછી એક વાર વાણિયો મોઢામાં દહીં ભરીને ગામની બહાર એક વડ હતો તેની નીચે જઈને સૂતો અને મરી ગયાનો ઢોંગ કર્યો, આંખો ફાડી રાખી ને હાલતો ચાલતો બંધ થઈ ગયો.પેલો કાગડો ઊડતો ઊડતો ત્યાં આવ્યો.કાગડે એટલે કાગડે વાણિયાને ‘કોણ કાકો નંદ કે ?’

વાણિયે વિચાર્યું કે જો જવાબ દઈશ તો મોઢું ઊઘડશે અને કાગડો ઊડી જશે એટલે બરાબર દાંત ભીંસીને તે બોલ્યો : ‘હુંઉ, કાકા હુંઉ.’ આથી તો કાગડાની ચાંચ ખૂબ દબાઈ અને કાગડો મરવા જેવો થઈ ગયો !

વાણિયે ધાર્યું કે હવે શિક્ષા બહુ થઈ માટે એને છોડી દઈએ. પછી એણે કાગડાને છોડી દીધો.

ફરી વાર કાગડો વાણિયાના છોકરાના હાથમાંથી પૂરી લેતો ભૂલી ગયો.

## હસવાની મનાઈ છે

જજ : તેં ચોરી એકલાએ કરી કે પછી તારી સાથે બીજું કોઈ હતું ?
ચોર : ના સાહેબ, એકલો જ હતો. આજના જમાનામાં બીજા કોઈ પર વિાસ ન રખાય.

શેઠાણી : તું કપડાં એવી રીતે ધુએ છે કે એકનાં બે થઈ જાય છે.
ધોબી : પણ શેઠાણીજી, પૈસા તો હું એકના જ લઉં છું ને !

ગ્રાહકઃ આ ટમેટાં તાજાં છે ને ?
કાછિયો : હા.... હા..... તેથી તો દસ દિવસથી ઝટપટ વેચું છું ને !

મમ્મી : તું બે કલાકથી ઊભી ઊભી કોની સાથે વાતો કરે છે ?
મીના : ટીના સાથે.
મમ્મી : તો તમે અંદર કેમ નથી આવતાં ?
મીના : મમ્મી, ટીના પાસે અંદર આવવાનો ટાઈમ નથી.

મુન્નો : દાદાજી, તમારે દાંત કેમ નથી ? શું થયું ?
દાદાજી : નાનપણમાં મેં બ્રશ કર્યુ નહોતું.



મુન્નો : હં...... તમે નાનપણમાં માથું પણ ઓળ્યું નહિ હોય ! એટલે તો તમારા માથે ટાલ છે, નહિ ?

ઈલુ : મૈને ઈક એસા ડ્રિંક તૈયાર કિયા હે જિસકા એક હી ઘૂંટ પીને કે બાદ આદમી સચ બોલતા હૈ ।
શીલુ : અચ્છા ! યહ તો અદ્ભુત હૈ ।
ઈલુ : શીલુકો ઈક ગિલાસમેં ડ્રિંક દેત હે. શીલુ ઈક ઘૂંટ પીતી હે ઔર તુરંત કહતી હે : થૂ... થૂ.... યહ તો પેટ્રોલ હૈ ।
ઈલુ : દેખા બિલકુલ સચ કહા તુમન ! મૈંને કહા થા ન !

Mary : Sonu, hand do you write with ?
Sonu : I usually, write with a pen !



## ચકો ચકી રીસાણા

જાને ચકી મારે નથી બોલવું.
તારી સાથે જાને નથી રમવું.
તું કાળી ભેંસને હું ગોરો ગોરો,
સૌ ચીડવે મારે નથી રમવું.
એય સફળ તું સમજે છે શું ?
ધોળો ગધેડો હોય નથી રમવું.
છી... છી... તને કયાં ગાતા અવડ છે.,
હું કોયલડી મારે નથી રમવું.
જા જા ચકચક કરતી ચકલી.
તારી શી વિશાત મારે નથ રમવું.
જોઉં છું કેમ કરે છે તું ખીચડી
કુતરાયા સુંઘે મારે નથી રમવું.
ચાલને ચકી તારા મારા બુચ્ચા
લાગી છે ભૂખ મારે નથી રમવું.
જા હવે તારી જેવું કોણ થાય,
લે ખા ખીચડી સાથે સાથે રમીશું.

# અર્થના દાસ ન બનો

દેવ અને દાનવો વચ્ચે ભયંકર યુદ્ધ ચાલતું હતું. દાનવો ઘણા શકિતશાળી અને સંગઠિત હતા. તેમણે દેવતાઓને હરાવ્યા. વ્યાકુળ દેવતાઓ ગુરૂ બૃહસ્પતિ પાસે ઉપાય પૂછવા ગયા. એમણે વિચારીને કહ્યું :'દાનવોને પરાજિત કરવા મુશ્કેલ છે, કેમ કે તેઓ સંયમી અને સંગઠિત છે. આપ સે દત્તત્રેયની મદદ માગો' દેવતાઓ દત્તાત્રેય પાસે આવ્યા. એમણે કહ્યું :'એક વારની હારથી હતાશ ન થવું જોઈએ. વારંવાર પ્રયત્ન કરવાથી અસંભવ પણ સંભવ બને છે. તમે સૌ વિજય માટે ફરી પ્રયત્ન કરો.'દત્તાત્રેયની આજ્ઞાથી દેવોએ દાનવો સાથે ફરી યુદ્ધની ઘોષણા કરી. દાનવોએ ક્રોધે ભરાઈને દેવો પર ફરી ભીષણ આક્રમણ કર્યું. દેવતાઓ અસ્ત્ર–શસ્ત્ર ફેંકીને ભાગ્યા, પણ દાનવો એમની પાછળ પડ્યા.ભાગતા ભાગતા દેવો દત્તાત્રેયના આશ્રમ પહોંચ્યા. ત્યાં જઈને જોયું, તો દત્તાત્રેયની પાસે લક્ષ્મીજી પણ એક આસન પર આંખો મીંચીને બેઠા છે. દેવતાઓનું મનોબળ ક્ષીણ બની ગયું હતું.

એ લોકો કાંઈ કહે, તે પહેલાં તો દૈત્યદળ વંટોળની જેમ ત્યાં આવી ચડ્યું. તે દેવગણ દત્તાત્રેયની 'ત્રાહી.. ત્રાહી' પોકારીને સ્તુતિ કરવા લાગ્યા. અસુરોએ ત્યાં જઈને જોયું, તો દત્તાત્રેય પાસે લક્ષ્મીજી બેઠાં હતા.લક્ષ્મીજીને જોઈને દાનવોની મતિ ભ્રષ્ટ થઈ ! તેઓ શા કારણે અહીં આવ્યા હતા તે પણ ભૂલી ગયા ! ત્યાં – ભેલા દેવોને પણ તે ન જોઈ શક્યા.

દત્તાત્રેય આંખો બંધ કરીને બેઠા હતા, તેથી દાનવો માટે આ રૂડો અવસર હતો. તેમણે લક્ષ્મીજીને ઊઠાવીને એક કાવડમાં રાખ્યાં. પછી ખભે ઊઠાવીને દાનવો ઊછળતા–કૂદતાં ત્યાંથી ચાલ્યા ગયા. તે સૌ ગયા પછી દત્તાત્રેયે આંખો ખોલી. સામે ઊભેલા દેવતાઓને હસીને કહ્યું :'હવે જરૂર તમારો વિજય થશે, કારણ કે લક્ષ્મી એમના માથા ઉપર સવાર થઈ ગઈ છે ! હવે એમના વિવેક, બળ, બુદ્ધિ નષ્ટ થઈ જશે. એ લોકો શૌર્ય અને પરાક્રમ છોડીને ભોગ વિલાસમાં ડૂબી જશે.હવે એમનામાં એકતા નહિ રહે, કારણ કે એમના શિર પર લક્ષ્મી ચડી બેઠી છે. બધાં જ દાનવો સ્વાર્થથી અંધ બનીને સંપત્તિ મેળવવા આખડી પડશે. અર્થથી સ્વાર્થ ઉત્પન્ન થાય છે અને સ્વાર્થથી અનર્થ.લક્ષ્મી કોઈની નથી. એ તો મૂઢ દાનવોને વિપત્તિમાં નાખીને ક્યાંક જતી રહેશે. એ વખતે તમે પરાક્રમી દાનવોને સહેલાઈથી હરાવી શકશો.'દત્તાત્રેયની વાણી ફળી.દૈત્યગણ ધર્મકર્મ છોડીને રાતદિવસ લક્ષ્મીજી પર આસકત રહેવા લાગ્યા.


પ્રત્યેક દાનવ એમ માનતો હતો કે લક્ષ્મી પર કેવળ એનો જ અધિકાર છે. આથી એકબીજાની ઈર્ષા કરીને તેઓ અંદરો અંદર લડવા–ઝઘડવા લાગ્યા. એમનું સંગઠન તૂટી પડયું. બળ અને ઉત્સાહ પણ એમનામાંથી જતા રહ્યા. દેવતાઓ દત્તાત્રેયની વાણી મુજબ આ બધું થતું હતું તે ચૂપચાપ જોતા હતા. દાનવોને વિનાશને માર્ગે જતા જોઈને એમને આંનદ થતો. લક્ષ્મીના દાસ બનતા દાનવો દેવો સાથે લડવાને બદલે પોતાના જાતભાઈઓ સાથે લડવા લાગ્યા ! અર્થની આરાધના વિના બીજો કોઈ માર્ગ એમને સૂઝતો જ નહોતો. દાનવો એ વાત પણ ભૂલી ગયા કે એમને દેવો પર આક્રમણ કરવાનું છે !દેવતાઓ આવા અનુકૂળ અવસરની વાટ જોઈને જ બેઠા હતા. હવે એમણે વિચાર્યું કે લક્ષ્મીના મદથી છકેલા દૈત્યો પર આક્રમણ કરવાનો આ સારો અવસર છે.દેવોએ દૈત્યો પર ભીષણ આક્રમણ કર્યુ અને એમને એકદમ પરાસ્ત કર્યા.દાનવો પરાસ્ત થતાં જ રાજયલક્ષ્મી દૈત્યોને છોડીને જતી રહી. જે શિર પર લક્ષ્મીને ચડાવીને તેઓ લાવ્યા હતા, એ જ લક્ષ્મી આ અનર્થનું કારણ બની ! દાનવો માથું પટકી–પટકીને પસ્તાવો કરવા લાગ્યા.

સંસ્કાર ગાથા

શ્રી ગિજુભાઈ ભરાડ — પૂ.શ્રી મુકતાનંદ બાપુ

# લોહચુંબક કેમ બને છે

લોખંડની વસ્તુઓને આકર્ષીને પોતાની તરફ ખેંચતા લોહચુંબકે કે મેગ્નેટએ લોખંડનો ટુકડો જ છે.




પરંતુ તેમા ચુંબકીય શકિત હોય છે. આ શકિત કેવી રીતે આવે છે તે જાણો છો ? વિદ્યુત પ્રવાહ વહેતો હોય ત્યારે તેની આસપાસ વિદ્યુત ક્ષેત્ર રચાય છે. આ ક્ષેત્રમાં લોખંડનો ટુકડો મુકવામાં આવે તો લોખંડના અણુઓ ચોક્કસ દિશામાં ગોઠવાઈ જાય છે. અને તે ચુંબક બની જાય છે. ચુંબક બે રીતે બને છે અને બે પ્રકારના હોય છે.

લોખંડની આસપાસ ધાતુના તારનું ગુંચળું વિંટાળી તેમાં વીજળી દાખલ કરવાથી તે કામચલાઉ ચુંબક બને એટલે કે વીજપ્રવાહ હોય ત્યાં સુધી ચુંબકનો ગુણ રહે છે. મોટા ચુંબકને બીજા–લોખંડ સાથે એક જ દિશામાં ઘસવાથી લોખંડનો ટુકડો, ચુંબક બને છે અને તે કાયમી ગુણ ધરાવે છે. ચુંબકના ટુકડાનો એક છેડો દક્ષિણ અને બીજો ઉત્તર ધ્રુવ કહેવાય છે. ચુંબકના આ ગુણનો ઉપયોગ ઘણા ઈલેકટ્રોનિક સાધનોમાં થાય છે. દિશા બતાવતાં હોકા યંત્ર, ડોરબેલ, સ્પીકર, ઈલેકટ્રીક મોટર, જનરેટર, ડાયનેમો વગેરે સાધનોમાં ચુંબક મુખ્ય ભાગ છે.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો

બાલ એકસપ્રેસ

પ્રિન્સીપાલ/ટ્રસ્ટી
શ્રી રવજીભાઈ કાચા સાહેબ
શ્રી દિપક હાઈસ્કૂલ
શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી



# જ્ઞાનમંજરી

**વૈશ્વિક યાત્રા**

(૧) ખુબ જ નાની લંબાઈ માપવાના સાધનને શું કહે છે ? – માઈક્રોમીટર
(૨) તાપમાન માપવાના સાધનને શું કહે છે ? – વોલ્ટમીટર
(૩) રેડીયોના વીજળીક મોજા મોકલતા સાધનને શું કહે છે ? – ટ્રાન્સમીટર
(૪) પ્રકાશની તરંગ લંબાઈ માપતા સાધનને શું કહે છે ? – સ્પેકટ્રોમીટર
(૫) હવામાં રહેલ ભેજ માપવાના સાધનને શું કહે છે ? – હાઈગ્રોમીટર

**રમત જગત**

(૬) કબડ્ડLમાં કુલ કેટલા ખેલાડી હોય છે ? – ૧૨
(૭) ભાઈઓ માટેના કબડ્ડLGF D[NFGGL ,\AF. S[8,L CMI K[ ? – ૧૨.૫૦ મીટર લંબાઈ
(૮) લંબાઈ – પહોળાઈ કેટલી હોય છે ? – ૧૦ મીટર પહોળાઈ
(૯) ભાઈઓ માટેના કબડ્ડLGF VF\U6G]\ DF5 S[8,]\ CMI છે ? – ૬.૨૫ × ૧૦ મીટર
(૧૦) બહેનો માટેના કબડ્ડીના મેદાનની લંબાઈ પહોંળાઈ કેટલી હોય છે ? – ૧૧ મીટર લંબાઈ ૮ મીટર પહોળાઈ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## મોર્ડન ભગતડાં – કાઢે ગતકડાં

આપણો દેશ વેવલા ધાર્મિકોનો દેશ છે. વળી આ કહેવાતા ધાર્મિકોએ આધુનિક દેખાવા હનુમાન જયંતિ પર હનુમાનજીને ૧૫૧ કીલોની કેક ધરાવી. હનુમાનજી અને કેક ? કાલ ઊઠીને ઉનાળાના રવિવારે સૂર્યદેવતાને ઠંડી કોલા, માતાજીને ચૂંદડીને બદલે મીડી, શ્રીકૃષ્ણને વાઘાને બદલે જીન્સને રાધાજીને ડ્રેસ, શ્રીરામને ધનુષને બદલે AK56 રાઈફલ, ગરૂડજીને બાઈનોકયુલર, ગણપતિજીને ઉંદરના સ્થાને સ્કૂટર ન ધરાવે, તો જ આશ્ચર્ય! 'આવા'ઓની આવી વેવલી ધાર્મિકતા ધર્મને કયાં લઈ જશે ?

## લઘુતાગ્રંથિ – ગુરૂતાગ્રંથિ

પોતાની યોગ્યતાઓને ઓછી માનવી કે ક્ષમતાઓની એક સીમા મર્યાદિત કરીને એમાં જ રહેવું, અન્ય સૌથી વારે કે પ્રસંગે પોતાની જાતને ઊતરતી કોટિની ગણાવી એ લઘુતાગ્રંથી છે. આવી ગ્રંથિનો જાણ્યે કે અજાણ્યે શિકાર બનનારા માણસોમાં મુખ્યત્વે આત્મવિશ્વાસનો અભાવ હોય છે અને તેઓની શકિતઓનો તેમને સાચો પરિચય કરાવનાર કોઈ ખ્યાલ ધરાવે છે તથા મહદ્અંશે અહંકાર યુકત ભાષામાં આત્મપરિચય આપતા રહેવાની ઉતાવળ ધરાવે છે તેઓ નિશ્ચિત રીતે ગુરૂતાગ્રંથિનો ભોગ બનેલા હોય છે. વ્યકિતત્વ સરળ, વિવેકી અને નિખાલસ હોય તો જ ઉપરોકત બન્ને પ્રકારની મનોગ્રંથીઓમાંથી મુકિત મળી શકે. લઘુતાગ્રંથિને કારણે જીવનમાં નિરૂત્સાહ પ્રગટે છે એની સામે

જ્ઞાનજયોતિ — શ્રી ગિજુભાઈ ભરાડ

ગુરૂજન મળ્યા હોતા નથી. શૈશવકાળે માતા–પિતા કે શિક્ષકો દ્વારા વારંવાર થયેલી ટીકાઓનો ભોગ બનનાર વિદ્યાર્થી પણ આગળ જતા પ્રોત્સાહન, પુરસ્કાર અને પારદર્શકતાના અભાવે લઘુતાગ્રંથિનો ભોગ બની શકે છે. એ જ રીતે તેઓ પોતાના વિશે વધારે પડતા ઊંચા અને ખુશનુમા ગુરૂતાગ્રંથિ વ્યકિતને દોઢડાહ્યા જેવી સ્થિતિમાં લાવી મુકે છે બંને પરિસ્થિતિથી નવી પેઢીએ પોતાની જાતને બચાવવાની છે અને એમ કરતા જીવનના ભરપૂર આનંદનો સાક્ષાત્કાર કરવાનો છે. ગુરૂતા અને લઘુતા વચ્ચેની મધ્યમ માર્ગીય તટસ્થતા મનુષ્યને એકધારો વિકાસ કરાવી શકે છે.

# યોગી મુનીઓ ત્યાગ અને વૈરાગ્યના પાઠ દીકરી પાસેથી શીખતા હશે શું

દીકરી ત્યાગ અને સેવાની સાક્ષાત મૂર્તિ છે. રમતા કે જમતા પણ એ ભાઈ માટે મનગમતી વસ્તુઓનો ત્યાગ કરતી હોય છે.

દીકરી વ્હાલનો દરીયો — લેખકશ્રી બલદેવભાઈ ઓઝા

ઉગીને ઉભી ન થાય અને મા ના કામમાં હાથ પરોવે છે. "મારા ઘરમાં આમ ને મારા ઘરમાં તેમ" કહેતી દીકરી ઉંમરલાયક થતાં જ, મારૂં માનેલું સઘળું છોડીને, પારકે ઘેર જતી રહે છે. વીસ વીસ વરસથી "મારૂ મારૂ" કરીને પછી એ બધાને તણખલાની જેમ તજી દેવાની એની ત્યાગ ભાવના સામે ભલભલા જોગો મુનિઓના તપ ઝાંખા પડી જાય છે !

# તોફાની મોન્ટુ

એક છોકરો નામ એનું મોન્ટુ, લગભગ ૧૦થી ૧૨ વર્ષની ઉંમર હશે, પણ ભારે તોફાની વનના વાંદરા ઉતારે એવો કોઈનેય ગાંઠે નહિને કોઈનુંય માને પણ નહીં. ભણવા ગણવામાં ચિત્ત ચોંટે જ ક્યાંથી ? લખવા, વાંચવા બેસે જ નહિ આખો દિવસ બસ રખડ્યા જ કરે. અને મિત્રો સાથે મસ્તી કર્યા કરે.મોન્ટુ ખાવાપીવાનો ખૂબ જ શોખીન એમાંય વળી મીઠાઈ તો એને ખૂબ જ ભાવે, જયાં મીઠાઈ જોવા મળી નથી કે ત્યાં દોડયો નથી. એવો મિષ્ટાન પ્રેમી. મીઠાઈ ખાવાનો ખૂબ શોખીન.આડોશ પાડોશમાં કે બીજે ક્યાંય પણ મીઠાઈ વહેંચાતી હોય ત્યાં ભાઈ પહેલો દોડી જાય. ચોકલેટ–બરફી પેંડાં ખૂબ જ ભાવે. આવા સ્વભાવથી ઘણી વાર એના દોસ્તો પણ કહેતા કે મોન્ટુ વધારે પડતી મીઠાઈ ખવાય નહિ ને તું આટલી બધી મીઠાઈ ખાય છે તે સારૂ ન કહેવાય. ક્યારેક આમાને આમા, આવા ચટકાથી શરીરને કે જાતને નુકસાન કરી બેસીશ. પણ મોન્ટુ કોઈની વાત માને ખરો ! વળ મિત્રો એને સમજાવતા પણ ખરાં કે કોઈપણ વ્યકિત, કંઈ પણ વસ્તુ આપે તો લેવી જોઈએ નહીં. તું જરા ભણવામાં ધ્યાન રાખ. બન્યું પણ એવું કે એક દિવસ મીઠાઈવાળો એક ભાઈ મોન્ટુને ભટકી ગયો, સાથે એના મિત્રો પણ હતાં, પેલા ભાઈએ બધાંને મીઠાઈ ખાવાની લાલચ આપી. પણ મોન્ટુ સિવાય કોઈપણ મિત્રે મીઠાઈ લીધી નહિ કે ખાધી પણ નહિ માત્ર મોન્ટુએ જ મીઠાઈ લઈ ખાઈ ગયો. ખરેખર જે ભાઈએ મીઠાઈ આપી હતી તે ઉઠાવગીર નીકળ્યો. એણે મીઠાઈમાં ઘેનની ગોળી ભેળવી હતી જેથી જે કોઈ આ મીઠાઈ ખાય તે બેભાન થઈ જાય ને એની ઉઠાંતરી કરી શકાય, એવી એની બદદાનત હતી.મોન્ટુએ મીઠાઈ ખાતા જ થોડીવારમાં બેભાન થઈ ગયો. એટલામાં એમાં મિત્રો આવી ગયા કે આપણો મોન્ટુ ક્યાં ગયો ? કેમ દેખાતો નથી. મિત્રોએ આજુબાજુ શોધખોળ કરતાં જોયું તો મોન્ટુ એક ખંડિયેરમાં બેભાન થઈ પડયો હતો. મિત્રોએ એને ઉપાડી તાત્કાલિક દવાખાને લઈ ગયા. અને એના માતા–પિતાને જાણ કરી.મોન્ટુની વાત જાણી માતાપિતા ત્યાં આવી પહોંચ્યા. ભગવાનની કૃપાથી મોન્ટુને દવાખાનામાં દાખલ કરવાથી ભાનમાં આવેલ હોઈ એના માતાપિતાને થોડી રાહત થઈ.મોન્ટુના મિત્રોએ આ બનેલી તમામ હકીકતની માંડીને વાત કરી કે અંકલ અમે બધાં જ હંમેશાં આને ચેતવતા હતા ને વળી સમજાવતા હતા કે બહારની કોઈપણ અજાણી વ્યકિત પાસેથી કંઈ પણ ચીજ વસ્તુ લેવી નહિ કે ખાવી પણ નહિ પણ આતો તોફાની મોન્ટુ ભાઈ ! અમારૂં કહ્યું માનતો નહોતો. પણ જયારે મોન્ટુ ભાનમાં આવ્યો ત્યારે ભારોભાર પસ્તાવો થયો કે હવે પછી હું આવું કામ કયારેય કરીશ નહીં. અને માબાપની તથા મિત્રોની વાત માનીશ, હવે તોફાન પણ બંધ, અને ભણવામાં પણ ધ્યાન આપીશ અને ખાસ તો કોઈપણ અજાણી વ્યકિત પાસેથી કશું જ નહિ લઉં કે આજ પછી ખાઈશ પણ નહિ. આવા પસ્તાવાથી મોન્ટુના મિત્રો તથા તેના માબાપ પણ ખુશ થયા. મોન્ટુના માબાપે બધા મિત્રોની મિત્રતાને બિરદાવીને સહુ પોતપોતાને ઘેર ગયા.

# રોજ નિશાળે જાવું છે – રાજેશ મહેતા

એક જંગલ હતું. ભારે ગાઢ અને ગીચ.

જંગલમાં એક સસલાભાઈ રહે. આખો દિવસ જંગલમાં રખડે... ભટકે... લીલું–લીલું ઘાસ ખાય. મજા–મજા કરે.એ વરસ જંગલમાં વરસાદ ઓછો પડ્યો. લીલું ઘાસ ક્યાંક–ક્યાંક મળે, ક્યાંક–ક્યાંક તો સાવ કોરૂં કટ...! સસલાભાઈને પૂરૂ ખાવા ન મળે. દૂર સુધી ખાવા જવું પડે. ખૂબ થાકી જવાય.

ખાધા વિના તે કાંઈ થોડું ચાલે ?એક દિવસ સસલાભાઈને કોઈકે કહ્યું કે સામેના જંગલમાં ભારે વરસાદ પડયો છે. ચારેબાજુ લીલુંછમ ઘાસ ઊગી નીકળ્યું છે. સસલાભાઈને થયું કે હવે અહીં રહીને ભૂખે શા માટે મરવું જોઈએ ? ચાલોને, સામેના જંગલમાં જઈએ. પેટ ભરીને ખાવા તો મળે !વહેલી સવારે ઊઠી સસલાભાઈ ચાલ્યા સામેના જંગલમાં. ચાલતાં–ચાલતાં રસ્તામાં નદી આવી. નદી તો બે કાંઠે ભરેલી. સસલાભાઈને જોઈને નદીએ કહ્યું, "સસલાભાઈ અત્યારે ક્યાં ચાલ્યા વળી ?"

સસલાભાઈ કહે :

સામે જંગલ જાવું છે,
લીલું ઘાસ ખાવું છે,
તાજાં માજાં થાવું છે.


નદીએ કહ્યું, 'સારૂ... સારૂં !' જાવ... જાવ... ઘાસ ખાવ ને તાજાં માજાં થાવ...

સસલાભાઈ નદીમાં પડીને ઠંડા પાણીમાં નાહ્યાં ! નાહીને ચાલ્યા આગળ રસ્તામાં નાનકડી ટેકરી આવી. સસાભાઈને જોઈને ટેકરી બોલી,'એ... ય,સસારાણા કઈ બાજુ ચાલ્યા ?'સસલાભાઈ બોલ્યા,

સામે જંગલ જાવું છે,
લીલું ઘાસ ખાવું છે,
તાજાં માજાં થાવું છે,
ઠંડા પાણીએ ના'વું છે.

ટેકરી રાજી થતાં બોલી, 'સારૂં... સારૂં... સામે જંગલ જાવ. લીલું ઘાસ ખાવ... તાજાં માજાં થાવ... અને ઠંડા પાણીથી ના'વ.

સસલાભાઈ તો ટેકરી ચડ્યા. ભારે મહેનત પડી. હાંફી જવાયું ! નીચે ઊતર્યા. સામે રાતી ગાય મળી.



નિરાંતે ચાલી જાય અને મીઠાં ગીત ગાતી જાય. ગાય સસલાભાઈને જોઈને કહે, 'સસલાભાઈ... આમ અત્યારે ક્યાં ચાલ્યાં ?' સસલાભાઈ કહે :

સામે જંગલ જાવું છે,
લીલું ઘાસ ખાવું છે,
ઠંડા પાણીએ ના'વું છે,
ટેકરી ઉપર ચડવું છે.

ગાય કહે, 'સારૂં... સારૂ... સામે જંગલ જાવ... લીલું ઘાસ ખાવ... તાજાં–માજાં થાવ, ઠંડા પાણીએ નાવ અને ટેકરી ઉપર જાવ...'ગાય સાથે થોડી વાતો કરી. ગીતો ગાતું સસલું તો ચાલ્યું આગળ. થોડી વારે જંગલ આવી ગયું. ચારે તરફ લીલું મજાનું ઘાસ જોવા મળે... ઝાડ લીલાંછમ... પાંદડાં લીલાંછમ... ધરતી લીલીછમ... આખુ જંગલ લીલુંછમ...સસલાભાઈ તો રાજીના રેડ થઈ ગયા ! ધરાઈને કૂણું કૂણું ઘાસ ખાધું. ઓડકાર ખાઈને ઝાડ નીચે પગ ઉપર પગ ચડાવી થયા લાંબા ! ત્યાં તો અચાનક ઘંટનો રણકાર સંભળાયો !સસલાભાઈ તો થઈ ગયા સફાળા બેઠા ! તેને થયું કે પાસે મંદિર હશે. તેના ઘંટનો આ અવાજ હશે...ત્યાં તો થોડીવારમાં આજુબાજુથી વાંદરાભાઈ, હાથીભાઈ, શિયાળ ભાઈ, હરણભાઈ, વાઘભાઈ, ઉંદરભાઈ, કીડીબેન, મકોડાભાઈ મંડયા આવવા એક પછી એક !

થોડીવારમાં જંગલનાં લગભગ બધાં પ્રાણી–પક્ષી આવી ગયાં. બધાંના હાથમાં પાટી અને પેન ! સરસ મજાના તૈયાર થઈને બધાં હાજર ! વાંદરાભાઈ પાસે તો સરસ મજાનું દફતર! દફતરના એક ખિસ્સામાં પાટી પેન રાખે ! બીજા ખિસ્સામાં કેળાં અને જામફળ !હાથીભાઈએ તો વળી ચશ્માં પણ ચડાવેલા !

સસલાભાઈને થયું, આ તે વળી શું ? પાસે રહેલાં કીડીબેનને પૂછ્યું, 'અરે ઓ કીડીબેન... આ તો વળી શું ? તમે બધાં કેમ ભેગા થયાં છો ?' કીડીબેન હસતાં–હસતાં કહે, 'તમે અહીં નથી રહેતા સસલાભાઈ ? અહીંયા તો રોજ સાંજ પડે ત્યારે નિશાળ ભરાય સૌ ભણવા આવે... વાંચતા શીખે... લખતા શીખે અને પછી ગીતો ગાય ને મજા કરે...'

સસલાભાઈ કહે, 'અરે ! તો તો મારે પણ ભણવું છે,' કીડીબેન કહે, 'તો ચાલોને ભણવા... આ તો બધાની નિશાળ ! સૌ ભણવા આવે !'


સસલાભાઈ તો બેઠા ભણવા ! ભણવાની અને રમવાની તો ભારે મજા પડી. નિશાળ છૂટી ગઈ. સસલાભાઈ તો એકલા એકલા ગાતાં જાય...

સામે જંગલ જાવું છે,
લીલું ઘાસ ખાવું છે,
તાજાં માજાં થાવું છે,
ઠંડા પાણીએ ના'વું છે,
ટેકરી ઉપર ચડવું છે,
ગીત મજાનું ગાવું છે,
રોજ નિશાળે જવું છે.

('ભાવિક પરિષદ' – જૂન)

# રૂપાળું પક્ષી રાજી

ચકલીની જાતનું, ચકલી જેવું જ અને ચકલી સાથે બિલકુલ ભળી જતું પંખી આપણે ત્યાં છે, તેનું નામ 'રાજી' છે. રાજી તો ગામડાની કોઈ બાઈનું નામ પણ હોય છે ! એટલે




ચકલીની જાત રાજી હોય એ બહુ રાજી થવા જેવી વાત છે ! 'રાજી' કેવું સારૂં નામ છે ! રાજીને જોઈને ખરેખર રાજી થવાય એવું છે.રાજીનું અંગ્રેજી નામ : 'યલો થ્રોટેસ સ્પેરો' એટલે પીળા ગળાવાળી ચકલી. નર પંખી રાખોડી, ભૂખરા રંગનું છે. નર બહુ સ્વચ્છ અને સુઘડ લાગે છે. દેખાવે તે આપણી ચકલી જેવો લાગે છે. તેના ગળા પર ગોળ, પીળું, મોટું ટપકું છે. પાંખમાં ચળકતો લાલ રંગ છે. આ લાલ રંગમાં સફેદ રંગના બે પટ્ટા પણ છે. પૂંછડી બદામી રંગની છે. ગળા પરનાં પીળાં ટપકાંથી રાજી ઓળખાઈ આવે છે.ગીરના જંગલમાં રાજીની સારી એવી સંખ્યા છે. એ સિવાય આપણા તમામ પ્રદેશોમાં રાજી જોવા મળે છે. સીમ, ખેતર અને વગડો તેનાં નિવાસસ્થાન છે. તે મોટા ભાગે ઝાડ પર જ રહે છે. ચોમાસાની ઋતુમાં આપણી ઘર–ચકલી સાથે




તે ક્યારેક જોવા મળે છે. વગડામાં કે સીમ–ખેતરમાં બધી ચકલીઓ સાથે ચણતી હોય ત્યારે જુદી પાડવી મુશ્કેલ બને છે. પક્ષી નિરીક્ષકો તો તરત ઓળખી કાઢે છે પણ સામાન્ય માણસને તો બધી ચકલી સામાન્ય ચકલીઓ જ લાગતી હોય છે.આપણા ઘર આંગણાંની ચકલીમાં જેમ નર–માદા જુદો જ રંગ ધરાવે છે તેમ રાજીમાં પણ નર અને માદા જુદા છે. માદાની ડોકમાં પીળા રંગનું મોટું ટપકું તો છે પણ તે નરની સરખામણીમાં ઝાંખું છે. નરનો ખભો ભૂખરો છે તો માદાનો ખભો બજરિયા રંગનો છે. બંનેની ચાંચ જાડી, મજબૂત અને ચમકતી છે.

# આ મારું ચિત્ર છે




ગોહિલ શિવમ પંકજભાઈ
( ધોરણ–૫(એ) રૂપાયતન પ્રાથમિક શાળા)



માંડલિયા ઈશા કે.
(ધોરણ–૮, રૂપાયતન પ્રાથમિક શાળા )




કુરેશી સજાદ જાકિરભાઈ
( ધોરણ–રૂપાયતન પ્રાથમિક શાળા)




દાફડા ઍન્જલ હિંમતભાઈ
( ધોરણ–૨ રૂપાયતન પ્રાથમિક શાળા )

# ચલાલા : ગાયત્રી પરિવાર દ્વારા ૨૮૫મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો










અવિરત સેવાકાર્યો કરનાર યુગનિર્માણગાયત્રીપરિવારટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૮૫મો વિનામુલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ કેમ્પ યોજાયોહતો. જેમાંરણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી ગાંધીનગર તથા જીલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ સરકારીઆયુર્વેદદવાખાનું–ચાડીયાતથા સરકારી આયુર્વેદ દવાખાનું દામનગર સરસીયા અને સરકારી હોમિયોપેથીક દવાખાનું જનરલ હોસ્પિટલ અમરેલીનાં સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંતડોકટરોનીટીમેસેવાઆપીહતી. આ કેમ્પનો શુભારંભ પ.પુ. સંત ડો. રતિદાદાના આર્શીવાદથી મંગલ દિપપ્રાગટયદ્વારા થયો હતો. બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરીહતી. સાથે વ્યસન મુકતરહેવું. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળીમળીને રહેવું જેવી વાત કેમ્પ દરમિયાન કરવામાં આવી હતી. લીલાવંતીબેન અશોકભાઈ રાજાણીના સહયોગથી જન્મદિવસ પ્રસંગે, હસ્તે રાજાણી પરિવાર અને સ્વ. કલ્પેન રાજાણીના આર્થિક સહયોગથી રણછોડદાસજીબાપુચેરીટેબલહોસ્પિટલ રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૨૦ દર્દીઓને રણછોડદાસજીબાપુચેરીટેબલહોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. નેત્રયજ્ઞમાં ડો. વાઘેલાસાહેબદ્વારાઅનેકદર્દીઓનેઆંખની તપાસ પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. પ્રકાશભાઈ, ડો. આરતીબેનએબધાદર્દીઓનેતપાસકરી દવાપણવિનામૂલ્યેઆપવામાંઆવીહતી. દંતયજ્ઞમાંડો. ઈશાબેનતથાડો. દિગીશાબેન દ્વારાઅનેકદર્દીઓનેદાંતકાઢીચાંદીપણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારત ભૂષણ મહેશભાઈ અને મંજુબા તથા શીતલબેનસહીતસ્ટાફગણેખુબજહેમત ઉઠાવીહતી.

## અમરેલી એક્સપ્રેસ તેના ૧૭માં જન્મ દિવસ પર એક અછાંદસ કાવ્ય ૧૭ વર્ષનો પ્રકાશ

અમરેલી, તા. ૧૨

શબ્દોની આ પાનખર,
સમાચારની આ નાનકડી –યાત્રા,
સત્તર વર્ષથી
અમરેલીના દરેક ખૂણે
પ્રકાશની જેમ ઊગતી રહી છે
અમરેલી એક્સપ્રેસ.
કોઈનું સુખ, કોઈનો સંઘર્ષ,
કોઈની સફળતા, કોઈનો નાદ...
આ બધું સમેટતા
એણે પાનામાં પાનાં નહીં,
પણ લોકોનાં જીવનમાં અવાજ ઉમેરી દીધો.
ગ્રામ્ય ધૂળમાંથી ઉડતી હવા હોય
કે શહેરના બજારોની ભટકતી હાકલ
એણે બંને સાંભળ્યા છે,
અને બન્નેને સમાન સ્નેહથી છાપ્યા છે.
સમયના રસ્તે ફેરફાર તો હજારો આવ્યા,
પણ સત્ય લખવાની રીત
અને લોકો સાથે રહેવાની વૃત્તિ
આ બન્નેનું કંઈ પણ ન વળગ્યું,



ના વળગાય. આજે સત્તર
મીણબત્તીઓના પ્રકાશમાં
એ ફકત એક દૈનિક નહીં
આપણે મળીને ગૂંથેલી
એક જીવંત પરંપરા છે.
અમરેલી એક્સપ્રેસ,
તમે સમાચાર નહીં,
સમાજનો વિસ છાપો છો.
આ સફર
આવતી વર્ષે,
આવતા શબ્દે,
આવતા પેઢી સુધી
એ જ અડીખમ રહે
એ શુભકામના.

**કે.ડી. સેદાણી, 'આકાશ'**
**(અમદાવાદ)**

## યુનિટ દીઠ ૨૦ રૂપિયા ચુકવવાની જાહેરાત બાદ અમરેલી જિલ્લામાં ૭/૧૨, ૮–અ સહિતની કામગીરી કરનાર VCEને મહેનતાણુ મળતુ નથી

### કાળઝાળ મોંઘવારીમાં ઓપરેટરને ઘરનું ગુજરાન ચલાવવુ મુશ્કેલ

અમરેલી, તા. ૧૨

અમરેલીનાં જિલ્લામાં ૭/૧૨, ૮–અ હકકપત્રકની નકલ, ખેડુત રજીસ્ટ્રેશન જન્મ મરણનાં દાખલાઓ સહિતની કામગીરી કરતાં VCEને યુનિટ દીઠ રૂપિયા ૨૦ ચુકવવાની જાહેરાત બાદ મહેનતાણુ મળતુ ન હોય VCE પ્રમુખે હૈયાવરાળ ઠાલવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું દામનગરનાં વેપારીને ૨૫ લાખની લોન

આ બનાવમાં દામનગર ગામે આવેલ ગોકુળધામ સોસાયટીના તીર્થ રેસીડેન્સીમાં રહેતાં ગજાનંદ ભરતગીરી ગૌસ્વામી નામનાં ૨૩ વર્ષીય વેપારી યુવકને આરોપી એક હિન્દી ભાષી મોબાઈલ નં. + ૬૩ ૯૩૦૭૬ ૦૧૭૯૫નો ઉપયોગ કરનાર પુરૂષ તથા રાજસ્થાન ખાતે હોટેલમાં મળેલ અજાણ્યા ઈસમો તથા બેંક ખાતું વાપરનાર ઈસમોએ એકબીજા સાથે મળી મદદગારી કરી પૂર્વ આયાજીત કાવતરૂ રચી, વેપારીને રૂપિયા ૨૫ લાખ કે તેનાથી વધુ રકમની લોન તથા ૩૫% સબસીડી કરાવી આપવાની લાલચ આપી ગત તા. ૧૫/૮/૨૫ના રોજથી તા. ૨૧/૮/૨૫ના રોજ વેપારીને જયપુર ખાતે બોલાવી હોટલમાં ગોંધી રાખી વેપારી પાસેના ગાયત્રી મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળીનું અમરેલીજીલ્લા મધ્યસ્થ સહકારી બેંક દામનગર શાખાનું કરન્ટ ખાતા નં. ૬૯૩૦૦૮૦૦૧૩૪૨નું ખાતું મેળવી લઈ તે બેંક ખાતામાં વેપારીને જણાવ્યા વગર રૂપિયા ૪૬,૬૪,૫૯૭ના ટ્રાન્જેક્શન કરી સાયબર ફ્રોડના નાણા જમા કરી તમામ નાણા પોતાની મેળે સગેવગે કરી વેપારી સાથે વિસઘાત અને છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૫૩૦ |
| ૨ | મગફળી | ૮૧૧ | ૧૨૧૭ |
| ૩ | જુવાર સફેદ | ૯૧૨ | ૯૭૬ |
| ૪ | સોયાબીન | ૭૯૯ | ૭૯૯ |
| ૫ | ઘઉં | ૪૯૦ | ૫૨૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૯૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૬૧ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૯૦ |
| ૪ | તલ કાળા | ૪૨૦૦ | ૪૯૦૦ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૩૯૦૧ |
| ૬ | કપાસ | ૧૧૦૫ | ૧૫૫૪ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૩૨૫ | ૫૩૦ |
| ૧૦ | જુવાર | ૯૯૧ | ૧૦૨૨ |
| ૧૧ | અડદ | ૬૫૦ | ૧૦૦૦ |
| ૧૨ | ચણા | ૭૫૦ | ૧૦૪૨ |
| ૧૩ | તુવેર | ૭૦૦ | ૧૦૭૧ |
| ૧૪ | એરંડી | ૮૦૦ | ૧૨૫૨ |
| ૧૫ | રાય/રાયડો | ૧૧૦૦ | – |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૭ | સોયાબીન | ૬૫૦ | ૮૪૫ |

## પાના ૧ ઉપરનું ચાલું ભેંસનું મોત નિપજયુ

આવેલ ગૌચરમા ચરાવતા હતા. અને ત્યા ગૌચરમા ચાલુ બે ઈલેકટ્રીક વીજપોલ આવેલ હોય. જે થાંભલાની પાસે તાણીયા આવેલ હોય. જે તાણીયા પાસે એક ભેસ ચરવા જતા તેને કોઈપણ રીતે અકસ્માતે તાણીયામાથી ઈલેકટ્રીક શોક લાગતા ભેસ આશરે કિમત રૂપિયા ૫૦ હજારનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં ભયજનક ઈસમની

સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજએ વિકી ભનુભાઈ વારવડીયા ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ વી.એમ. કોલાદરા તથા એલસીબી ટીમ દ્વારા વિકી ભનુભાઈ વારવડીયાને પાસા વોરંટની બજવણી કરી, પોલીસ સ્પેશ્યલ જેલ, કચ્છ–ભુજ ખાતે અટકાયતમાં રહેલા મોકલી આપેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૩૬ | ૧૫૨૦ |
| ૨ | કપાસ કોડી | ૯૫૦ | ૧૧૮૬ |
| ૩ | મગફળી | ૮૭૦ | ૧૧૭૮ |
| ૪ | ઘઉં | ૫૦૭ | ૫૨૮ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૨૦ |
| ૬ | સફેદ ચણા | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૭ | અડદ | ૭૫૦ | ૧૧૦૦ |
| ૮ | ધાણા | ૧૪૦૧ | ૧૬૦૦ |
| ૯ | શીંગદાણા | ૧૧૯૫ | ૧૨૫૫ |
| ૧૦ | સોયાબીન | ૬૦૦ | ૮૪૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૮૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૪૦ |
| ૩ | મગફળી | ૧૦૦૫ | ૧૩૩૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૪૦ | ૨૦૮૦ |
| ૫ | તલ કાળા | ૩૨૧૦ | ૪૮૫૦ |
| ૬ | જીરૂ | ૩૧૪૦ | ૩૯૨૦ |
| ૭ | ઘઉં | ૪૬૯ | ૫૩૧ |
| ૮ | ચણા | ૯૫૫ | ૧૦૧૫ |
| ૯ | અડદ | ૯૦૫ | ૧૨૦૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૨૩ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૨૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૧૮ |
| ૪ | બાજરો | ૪૧૦ | ૪૧૦ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૧૮ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૬૫૦ |
| ૭ | તુવેર | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૮ | ચણા સફેદ | ૯૯૧ | ૯૯૧ |
| ૯ | મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| ૧૦ | સોયાબીન | ૭૦૦ | ૮૨૯ |
| ૧૧ | લસણ | ૩૮૦ | ૭૯૫ |
| ૧૨ | મગફળી | ૫૦૦ | ૧૦૮૦ |
| ૧૩ | તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૩૩૦ |
| ૧૫ | જીરૂ | ૧૪૧૦ | ૩૪૧૦ |
| ૧૬ | અડદ | ૧૦૦૦ | ૧૦૫૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ''સાયબર ફ્રોડ''માં

ચાલતો હોવાની શંકા વચ્ચે વધુ શખ્સો સામે વધુ પોલીસ ફરિયાદ નોંધાઈ તો પણ નવાઈ પામવા જેવું રહેશે નહીં.

પ્રથમ બનાવમાં અમરેલી તાલુકાના ચાંપાથળ ગામે રહેતાં બીપીનભાઈ નાનજીભાઈ સમાણવા નામનાં આરોપીએ સાયબર ક્રાઈમથી થતી છેતરપીંડી (સાયબર ફ્રોડ)ના રૂપિયા પોતાના STATE BANK OF INDIA A/C NO. ૪૩૯૮૫૩૭૮૩૧૩ તથા INDIAN BANK A/C NO. ૬૮૦૬૨૩૭૮૭૩ માં ગત તા. ૨૩/૪ થી તા. ૨૪/૪/૨૫ સુધીમાં કુલ રૂપિયા ૨૯,૬૭,૭૯૩ વારંવાર જમા કરી તથા કરાવી તે રૂપિયા સાયબર ક્રાઈમ ફ્રોડ તથા છેતરપીંડીના હોવાનું જાણવા છતાં પોતાના એકાઉન્ટમાંથી આ રૂપિયા મેળવી આ રૂપિયા અલગ અલગ રીતે વારંવાર ટ્રાન્સફર કરી તથા કરાવી તેમજ એ.ટી.એમ. અને ચેક દ્વારા વિડ્રોલ કરી આ રૂપિયા સગેવગે કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બીજા બનાવમાં ખાંભા તાલુકાના મોટા બારમણ ગામે રહેતાં શામજીભાઈ ખીમજીભાઈ શેખાએ પોતાનું એસબીઆઈ (સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા)નું એકાઉન્ટ નંબર ૩૭૨૬૬૩૮૨૩૭–૯ માં અન્ય ખાતા ધારકોના સાઈબર ફ્રોડના કુલ રૂપિયા ૫,૪૫,૦૦૦ ગત તા. ૭/૯/૨૫ ના રોજ અલગ–અલગ ટાઈમે એક કરતા વધુ વખત પોતાના એકાઉન્ટમાં જમા થતા હોવાનું જાણવા છતાં પોતાના ખાતામાં બદદાનતથી મેળવી પોતાના આર્થિક ફાયદા સારૂ તે પૈસા ઉપાડી લઈ તે નાણાં સંગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ત્રીજા બનાવમાં બાબરા તાલુકાના કીડી ગામે રહેતાં આરોપી દિનેશભાઈ રાઘવભાઈ ગોલાણીએ પોતાના એસ.બી.આઈ. બાબરાના એકાઉન્ટ નં. ૪૪૨૮૧૧૬૯૫૯૩ માં ગત તા. ૨૦/૮ થી તા. ૧૪/૧૧/૨૫ સુધીમાં અલગ અલગ તારીખે સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૧,૦૧,૫૦૦ એસ.બી.આઈ. બેંક બાબરાના એકાઉન્ટમાંથી સગેવગે કરવા સારૂ પોતાના નામનુ એસ.બી.આઈ. બેંકના ખાતાનો ઉપયોગ કરી આ ખાતામાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણવા છતાં પોતાના આર્થીક ફાયદા સારૂ પોતાના નામથી ચાલતા આ ખાતામાં સાયબર ફ્રોડના રૂપિયા RTGS, NEFT, IMPSથી સાયબર ફ્રોડના રૂપિયા જમા કરાવી પોતના બેંક ખાતામાં મેળવી આ ખાતામાંથી સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ચોથા બનાવમાં બાબરા તાલુકાના કીડી ગામે રહેતાં આરોપી જયસુખભાઈ કાન્તીભાઈ ઝાપડીયાએ પોતાના બેંક એકાઉન્ટમા સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૨,૬૫,૦૫૧ એકાઉન્ટમાં ગત તા. ૨૬/૧૨/૨૩ થી તા. ૪/૧૨/૨૫ સુધીમાં અલગ અલગ તારીખે એસ.બી.આઈ. બેંક બાબરા શાખાના એકાઉન્ટ નં. ૩૯૭૮૬૨૮૩૧૨૨ ખાતાનો ઉપયોગ કરી આ ખાતામાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણવા છતાં પોતાના આર્થીક ફાયદા સારૂ પોતાના નામથી ચાલતા બેંક એકાઉન્ટના ખાતામાં સાયબર ફ્રોડના રૂપિયા મેળવી ખાતામાં ફ્રોડના પૈસા જમા કરી તથા કરાવી પોતાના આર્થિક લાભ સારૂ બેંકમાંથી પૈસા ઉપાડી સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૭ | ૧૫૩૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૫૦ | ૯૬૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૩૫૨ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| ૩ | કપાસ | ૮૫૦ | ૧૫૦૧ |
| ૪ | બાજરો | ૪૯૮ | ૫૨૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૫ |
| ૬ | જુવાર | ૫૮૧ | ૧૦૭૦ |
| ૭ | મગ | ૧૪૧૫ | ૩૪૦૦ |
| ૮ | મઠ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૯ | અડદ | ૬૧૧ | ૧૧૦૦ |
| ૧૦ | તુવેર | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૧૧ | ચણા | ૯૦૨ | ૯૦૨ |
| ૧૨ | સોયાબીન | ૬૫૨ | ૮૦૭ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૦ | ૧૨૬૬ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૯૫ | ૧૩૩૨ |
| ૩ | શિંગ મોટી | ૮૫૦ | ૧૪૦૦ |
| ૪ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૬૦ | ૨૪૯૦ |
| ૬ | તલ કાળા | ૨૨૩૦ | ૫૧૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૩૮૯ | ૨૩૮૯ |
| ૮ | બાજરો | ૩૪૧ | ૪૫૫ |
| ૯ | જુવાર | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૭ | ૫૫૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૧ | ૫૫૧ |
| ૧૨ | અડદ | ૧૦૧૦ | ૧૧૨૦ |
| ૧૩ | ચણા | ૭૨૦ | ૧૧૦૩ |
| ૧૪ | સફેદ ચણા | ૯૮૦ | ૧૦૨૧ |
| ૧૫ | છોલે ચણા | ૧૪૩૦ | ૧૬૬૧ |
| ૧૬ | કપાસ | ૮૦૦ | ૧૫૬૭ |
| ૧૭ | એરંડા | ૧૧૫૬ | ૧૩૧૦ |
| ૧૮ | જીરૂ | ૩૬૦૦ | ૩૭૨૫ |
| ૧૯ | ધાણા | ૧૨૯૦ | ૧૯૦૦ |
| ૨૦ | મેથી | ૭૯૦ | ૧૦૨૫ |
| ૨૧ | સોયાબીન | ૬૫૦ | ૮૬૧ |
| ૨૨ | રજકાનું બી | ૩૯૦૦ | ૯૭૦૦ |
| ૨૩ | મરચા લાંબા | ૭૦૦ | ૩૧૮૦ |
| ૨૪ | કાંગ | ૫૧૦ | ૫૧૦ |

## રાજયમંત્રી કૌશિક વેકરિયાનુ શહેરીજનોએ કર્યુ ઉષ્માભેર સ્વાગત

# બગસરા ખાતે રૂપિયા ૨૩ કરોડનાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ


**ભુગર્ભગટર, આરસીસીરોડ, વોટર સપ્લાય, સ્ટ્રીટલાઈટ સહિતના કાર્યોનું થયુ લોકાર્પણ**

**શહેરી વિસ્તારમાં ૭ કરોડના ખર્ચે નવા માર્ગો અને પ્રોટેક્શન વોલ બનશે**

**શહેરનાં વિકાસ માટે છેલ્લા ૨.૫ વર્ષમાં રૂપિયા ૬૦ કરોડનાં વિકાસ કામોની ભેટ**

**ધારાસભ્ય જે.વી. કાકડીયા, જનક તળાવીયાની પ્રેરક ઉપસ્થિતિ રહી**










અમરેલી, તા. ૧૨

આજરોજ બગસરા નગર સેવા સદન ખાતે રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી અને અમરેલી-વડિયા- કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અંદાજે કુલ રૂ. ૨૩કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો.

બગસરા મુકામે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાનો રોડ શો યોજાયો હતો. જેમાં શહેરીજનોએ રાજયમંત્રીને ઉમળકાભેર આવકારી ઉત્સાહભેર સ્વાગત કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે, બગસરા શહેરમાં અલગ અલગ વિસ્તારમાં ભૂગર્ભ ગટર, આર.સી.સી રોડ, વિવિધ સોસાયટીમાં સી.સી રોડ, વોટર સપ્લાય, સ્ટ્રીટલાઈટ સહિતના અંદાજે રૂા. ૧૬ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ શહેરીજનોને મળતા જનસુખાકારીમાં વધારો થશે.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ બગસરા શહેરના વિવિધ વિસ્તારમાં સી.સી. રોડ તેમજ પ્રોટેક્શન વોલની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે, અંદાજે રૂ. ૭ કરોડના ખર્ચે આ વિકાસકાર્યો તેજ ગતિથી પૂર્ણ કરવામાં આવશે. વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી.કાકડીયા, લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

બગસરા નગર સેવા સદન ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સંબોધન કરતા જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં સતત અને અવિરત વિકાસકામો તેજ ગતિથી આગળ ધપી રહ્યા છે. 'સતત અને અવિરત વિકાસ' રાજય સરકારનું એકમાત્ર લક્ષ્યાંક છે. જિલ્લામાં નેશનલ હાઈવે સહિતના વિકાસકામો પ્રગતિ હેઠળ છે. તેમણે ઉમેર્યુ કે, અમરેલી બાયપાસ રોડનો ૪૦ વર્ષ જૂનો પ્રશ્ન ઉકેલવામાં આવ્યો છે. સરકાર દ્વારા તે માટે અંદાજે કુલ રૂ. ૨૭૨ કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ કામ પણ તેજ ગતિથી આગળ ધપશે. કાર્યક્રમ દરમિયાન બગસરા શહેરની વિવિધ સંસ્થાઓ, સંગઠનો, મંડળો દ્વારા રાજયમંત્રીનુંસ્વાગત કરવામાં આવ્યુંહતું.

ઉલ્લેખનીય છે કે, બગસરા નગરપાલિકામાં છેલ્લા અઢી વર્ષમાં અંદાજે રૂ. ૬૦ કરોડના વિકાસકામો પૂર્ણ કરવામાં આવ્યા છે. રાજયમંત્રીએ અનેરૂ સ્વાગત કરવા બદલ બગસરા શહેરીજનોનો આભાર વ્યક્ત કરવાની સાથે ઋણ સ્વીકાર કર્યો હતો. બગસરા નગર સેવા સદન પ્રમુખ જયોત્સનાબેન રીબડિયાએ છેલ્લા અઢી વર્ષના શાસનનો ક્રમશ ચિતાર રજૂ કરવાની સાથે રાજય સરકારનો પણ આભાર વ્યક્ત કર્યો હતો બગસરા નગર સેવા સદન ખાતે વિવિધ વિકાસકામોના લોકર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે રાજસ્વી મહાનુભાવો, નગરપાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડિયા, એ.વી. રીબડિયા, ઉપપ્રમુખ ભાનુબેન સોનગરા, કારોબારી સમિતિ ચેરપર્સન મંજુલાબેન મેર, નગર સેવા સદન સભ્યો, બગસરા પ્રાંત અધિકારી નંદા, મામલતદાર, ચીફ ઓફિસર દિલીપ હુણ, સ્થાનિક પદાધિકારીો, વિવિધ સંસ્થાઓ, સંગઠનોના હોદ્દેદારો સહિત બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સતત ત્રીજી વખત કોંગ્રેસની બેઠકમાં શશી થરુર ગેરહાજર

નવી દિલ્હી, તા. ૧૨

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં શુક્રવારે યોજાયેલી કોંગ્રેસના સાંસદોની એક મહત્વપૂર્ણ બેઠકમાંથી વરિષ્ઠ સાંસદ શશિ થરૂર ગેરહાજર રહ્યા હતા. આ સતત ત્રીજો એવો મોકો છે જ્યારે થરૂરે પાર્ટીની આવી વ્યૂહાત્મક બેઠકોથી અંતર જાળવ્યું છે, જેના કારણે કોંગ્રેસ પાર્ટીમાં ફરી એકવાર રાજકીય અટકળોનું બજાર ગરમ થયું છે. કોંગ્રેસ સાંસદ શશિ થરૂર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની નીતિઓના વખાણ કરવાના કારણે ઘણા સમયથી થરૂર અને કોંગ્રેસ પાર્ટી વચ્ચેના સંબંધોમાં તણાવ જોવા મળી રહ્યો છે. શુક્રવારે સંસદ ભવનની એનેક્સી એક્સટેન્શન બિલ્ડિંગમાં યોજાયેલી આ બેઠકમાં સંસદના બાકી રહેલા શિયાળુ સત્ર માટેની વ્યૂહરચના, વિપક્ષી એકતા અને સરકારને ઘેરવાના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કોંગ્રેસના લગભગ તમામ સાંસદો હાજર હતા, પરંતુ શશિ થરૂરની ગેરહાજરીએ ફરી એકવાર ચર્ચા જગાવી છે. પાર્ટી સૂત્રોના જણાવ્યા મુજબ, થરૂરે અગાઉથી જ પાર્ટીને પોતાની ગેરહાજરી વિશે જાણ કરી દીધી હતી.

થરૂરના સોશિયલ મીડિયા (એક્સ) ટાઈમલાઈન મુજબ, તે ગુરુવારે કોલકાતામાં એક ઈવેન્ટમાં હતા, જેના કારણે માનવામાં આવી રહ્યું છે કે તે દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં પહોંચી શક્યા ન હતા. જોકે, આ બેઠકમાંથી કોંગ્રેસના અન્ય એક વરિષ્ઠ નેતા અને ચંદીગઢના સાંસદ મનીષ તિવારી પણ ગેરહાજર રહ્યા હતા, જેનાથી પાર્ટીમાં હલચલ વધી છે.
નોંધનીય છે કે, આ પહેલો પ્રસંગ નથી જ્યારે થરૂરે પાર્ટીની બેઠકોથી દૂરી બનાવી હોય. આ પહેલા પણ શશિ થરૂરે બે વખત આવી બેઠકોમાંથી ગેરહાજરી નોંધાવી હતી.

જોકે, ૧ ડિસેમ્બરે થરૂરે સ્પષ્ટતા કરી હતી કે તેમણે અગાઉ યોજાયેલી કોંગ્રેસની વ્યૂહાત્મક જૂથની બેઠક જાણી જોઈને છોડી નહોતી. તેમણે કહ્યું હતું કે જ્યારે બેઠક થઈ ત્યારે તેઓ કેરળથી પરત ફરતી ફ્લાઈટમાં હતા. જોકે, સતત ત્રીજી વખત બેઠકમાંથી દૂર રહેવાના કારણે કોંગ્રેસની અંદર થરૂરના વલણ અંગે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

### મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત

## અમરેલી જિલ્લાના ૧૧, ૩૨, ૪૨૨ એન્યુમરેશન ફોર્મ ડિજિટાઈઝ કરવામાં આવ્યા

**બાકી રહેતા મતદારો ૧૪ ડિસેમ્બર સુધી પોતાના એન્યુમરેશન ફોર્મ જમા કરાવી શકાશે**

અમરેલી, તા. ૧૨

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા. ૨૭/૧૦/૨૦૨૫ના પત્રથી તા. ૦૧/૦૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ જાહેર કરવામાં આવેલ છે. જે તા. ૨૮/૧૦/૨૦૨૫ થી શરૂ થઈ તા. ૧૪/૦૨/૨૦૨૬ સુધી જાહેર થયેલો છે.

આ કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ કુલ ૦૫ વિધાનસભા મતદાર વિભાગ (૯૪-ધારી, ૯૫-અમરેલી, ૯૬-લાઠી, ૯૭-સાવરકુંડલા તથા ૯૮-રાજુલા)ના કુલ ૧૨,૭૧,૩૭૫ મતદારોના એન્યુમરેશન ફોર્મ વિતરણ કરવામાં આવેલ છે. જે પૈકી ૧૧,૩૨,૪૨૨ ફોર્મ ઓનલાઈન ડિઝીટાઈઝ કરવામાં આવેલ છે. જે પૈકી ૪,૭૮,૫૦૯ મતદારો સ્વયં તરીકે અને ૫,૭૦,૮૮૫ મતદારો વંશજ તરીકે ૨૦૦૨ની મતદારયાદી સાથે મેપ થયા છે.

જિલ્લામાં કુલ ૮૨,૭૭૯ મતદારો હાલ મેપ થયેલ નથી. જેઓને સ્વયં અથવા વંશજ તરીકે મેપીંગની કામગીરી ચાલુમાં છે. અને મહત્તમ મતદારો વર્ષ ૨૦૦૨ની મતદારયાદી સાથે મેપ થાય તે માટે સંબંધિત મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા સઘન પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જિલ્લામાં કુલ ૧,૩૮,૯૫૩ મતદારો A/S/D (ગેરહાજર/ સ્થળાંતર/મરણ) હોવાનું જાણવા મળ્યું છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા એન્યુમરેશનની કામગીરીની તારીખ તા. ૧૪/૧૨/૨૦૨૫ સુધી લંબાવવામાં આવેલ હોવાથી હજુ પણ જે મતદારો પોતાના એન્યુમરેશન ફોર્મ જમા કરાવી શકયા નથી. તેવા મતદારો પોતાના બુથના બી.એલ.ઓ. અથવા સંબંધિત તાલુકાની મામલતદાર કચેરી ખાતે જમા કરાવી શકે છે.

જે મતદારોના નામ A/S/D ગેરહાજર/ સ્થળાંતર/મરણ) યાદી સમાવિષ્ટ થયેલ છે. તેવા મતદારોની યાદી અમરેલી જિલ્લાની વેબાસાઈટ https:amreli .nic.in/sir_data/ પર જોઈ શકાય છે. આથી અમરેલી જિલ્લાના સામાન્ય રહીશ હોય તેવા તમામ મતદારોને પોતાનું ફોર્મ સત્વરે જમા કરાવી BLOને સહકાર આપવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, અમરેલી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

## જાફરાબાદ ખાતે ટીબીના દર્દીઓ માટે પૌષ્ટિક અક્ષય કીટનું વિતરણ

જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદ ખાતે પોષણ યુકત આહાર કીટ વિતરણ કરવામાં આવ્યું અલ્ટ્રા ટેક સિમેન્ટ લી. યુનિટ નર્મદા સિમેન્ટ જાફરાબાદના યુનિટ હેડ રાજેશ આનંદજી, એફ. એચ. વિકાસ વર્માજીના માર્ગદર્શન હેઠળ ટીબીના જરૂરિયાત દર્દીઓને પૌષ્ટિક અક્ષય કીટનુ વિતરણ કરવામાં આવ્યું ટીબીના દર્દીઓને પોષણ પૂરૂં પાડવા માટે પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત ક્ષય રોગના દર્દીઓને સતત દર મહિને પૌષ્ટિક અક્ષય કીટ આપવામાં આવે છે. આ પૌષ્ટિક કીટમાં ગોળ, મગ, ચણા, Protein with vitamin & minerals minerals power ટીબીના દર્દીઓ માટે દર મહિને આપવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા હેલ્થ ઓફિસર ડો.ટાંક દ્વારા જણાવ્યું કે કીટમા સમાવિષ્ટ પોષણ આહાર તેની અસરકારકતા દાવાઓ નિમિત લેવાથી મહતા તથા વ્યાસનમુકત જીવનશૈલી અંગે દર્દીઓને માર્ગદર્શન આપ્યું હતું સામુહિક આરોગ્ય કેન્દ્રના ડો.કૃપેશ દ્વારા ટીબીના દર્દીઓને જણાવ્યું કે દરરોજ દવા સાથે પૌષ્ટિક આહાર જરૂરી છે. તેના લીધે ટીબી મુકત થઈ શકાય છે. સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદિપભાઈ જોષી. દ્વારા ટીબીના દર્દીઓના ઘરે ઘરે જઈને દર્દી ઓને ટીબી મુકત થવા માટે વિસ્તૃત માહિતી આપવામાં આવે છે. તેમજ દર્દીઓને સમયસર દવા સાથે પૌષ્ટિક આહાર માટે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવા આવે છે. આ કીટ વિતરણ કાર્યક્રમ ઉપસ્થિત અને કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા હેલ્થ ઓફિસર ડો. ટાંક, સામુહિક આરોગ્ય કેન્દ્રના ડો.કૃપેશ સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદિપભાઈ, અલ્ટ્રાટેક સિમેન્ટ લી. યુનિટ નર્મદા સામેન્ટ જાફરાબાદ યુનિટ હેડ રાજેશ આનંદજી, દિવ્યેશભાઈ, ડો. જીનિલ, ડો. અજય, ડો.હાર્દિક આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખુબજ જહેમત ઉઠાવી હતી.

## શાખાનાં પુષ્પો

એક ગામમાં બે મહિનામાં પાંચમી વખત ડાકુઓએ આવી લૂંટ કરી. સરદાર પટેલને સમાચાર મળતા તેઓ ત્યાં પહોંચ્યા.ગામ લોકોએ ફરિયાદ કરતા કહ્યું, અમારા પર ડાકુઓ ત્રાટકે છે પરંતુ પોલીસ મદદ કરતી નથી. સરદાર પટેલે કહ્યું, 'ગામની વસ્તી કેટલી છે ? જવાબ મળ્યો સાતસો જેટલી. સરદાર પટેલે કહ્યું, 'ડાકુઓ કેટલા આવે છે ? જવાબ મળ્યો ૮-૧૦. સરદાર પટેલે કહ્યું, 'સાતસો લોકો ૮-૧૦ ડાકુઓનો મુકાબલો નથી કરી શકતા ? લોકોએ કહ્યું, ' ડાકુઓ પાસે હથિયાર હોય છે.સરદાર પટેલે કહ્યું, 'આવી રીતે ડરશો તો વધુ આવી લુંટ થશે. ડાકુઓ પાસે હથિયાર છે તો તમારા ઘરમાં પણ લાઠી અને ભાલા નથી ? તેને એકત્ર કરો, ગામના ૨૦-૨૫ યુવાનોને પ્રશિક્ષણ આપો. અને જેવા ડાકુ આવે

સૂત્રાત **શ્રી અર્જુન ગઢિયા** અમરેલી

એટલે આખું ગામ ડાકુઓ સાથે તૂટી પડો. પછી કયારે ડાકુઓ ગામમાં નહીં આવે.સરદારનો સંગઠનમંત્ર કામ કરી ગયો અને ગામમાં પછી કયારેય ડાકુઓ ફરકયા નહીં.**સોડમ :** પોતાની રક્ષા માટે સંગઠન શક્તિ સર્વોપરી અને હાથ આવે તે હથિયારએ સૂત્ર હંમેશા યાદ રાખવા જોઈએ.

### જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

## અમરેલીમાં સ્વદેશી અભિયાન અંતર્ગત ૨૦-૨૨ ડિસેમ્બર 'સશકત નારી મેળો' યોજાશે

**લઘુ સુક્ષ્મ ઉધોગો અને તેમના દ્વારા બનાવેલી વસ્તુઓનું વેચાણ થશે**

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં સ્વદેશી અભિયાન અંતર્ગત 'સશકત નારી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે, આ મેળાના માધ્યમથી મહિલા આગેવાની હેઠળના લઘુ સુક્ષ્મ ઉદ્યોગો અને તેમના દ્વારા બનાવેલી વસ્તુઓને પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવશે. મહિલાઓની ઉદ્યમશીલતાને પ્રોત્સાહન આપતો આ ત્રણ દિવસીય સશકત નારી મેળો તા. ૨૦ ડિસેમ્બર થી તા. ૨૨ ડિસેમ્બર સુધી નુતન હાઈસ્કુલ ગ્રાઉન્ડ, ચિતલ રોડ અમરેલી ખાતે યોજાવાનો છે. જેમાં અમરેલી નગરજનોને મહિલાઓ દ્વારા ઉત્પાદિત અવનવી વસ્તુઓ ખરીદવાની તક મળશે.



મેળાના સુચારૂં આયોજન માટે જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા અધ્યક્ષ સ્થાને સંલગ્ન અધિકારીઓ સાથે બેઠક મળી હતી, જેમાં સ્થાનિક સ્તરે જુદી જુદી વસ્તુઓનું ઉત્પાદન કરતી મહિલાઓને પ્રોત્સાહન અને પ્લેટફોર્મ મળી રહે તે માટે તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા સૂચના આપી હતી. આ મહિલાઓના વ્યવસાયનો વ્યાપ વધે તે માટે તેમની વસ્તુઓના નિદર્શન અને વેચાણ માટે સ્ટોલ સહિતની આનુસંગિક વ્યવસ્થાઓ માટે પણ માર્ગદર્શન કર્યુ હતું. ઉપરાંત તમામ ૧૦૦ સ્ટોલ્સને ડીજિટલ માધ્યમનાં QR કોડ દ્વારા કેશલેસ પેયમેન્ટનો વ્યાપ વધારવા માટેનો પ્રયાસ કરવામાં આવશે.

આ સશકત નારી મેળામાં કૃષિ, સહકાર, કુટીર અને ગ્રામ ઉદ્યોગ, વન અને પર્યાવરણ, પશુપાલન, ખેતીવાડી, બાગાયત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ઈન્ડીયન પોસ્ટ તથા બેંક સહિતના વિભાગોના સંકલનથી ૧૦૦ જેટલા સ્ટોલ્સ રાખવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેના માધ્યમથી સ્થાનિક બ્રાન્ડસને પ્રોત્સાહન મળશે, સરકારી યોજનાઓમા જાગૃતિ અને નોંધણીમાં વધારો થશે, લખપતિ દીદી અને ડ્રોન દીદી તથા ખેતીમાં પ્રગતિશીલ ખેડૂત મહીલાઓને સન્માનિત કરવામાં આવશે. જેથી અન્ય મહિલાઓને પ્રેરણા મળે. સ્વ સહાય જૂથોને આર્થિક લાભ માટેની વધુ તકો ઉપલબ્ધ થશે.

આમ, મહિલા આગેવાની હેઠળના આર્થિક અને સામાજિક સશકિતકરણ માટે જિલ્લા-સ્તરીય પ્લેટફોર્મ મળવાની સાથે સ્વદેશી ઉત્પાદનો, સ્થાનિક હસ્તકલા, એસ.એચ.જી. ઉત્પાદનો અને મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળી રહેશે. રાજયકક્ષાએથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મળેલા માર્ગદર્શન મુજબ સ્વદેશી અભિયાન અંતર્ગત સશક નારી મેળાના આયોજનની જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.જિલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન ચાર્જ નિયામક અર્પણ ચાવડા, જિલ્લા મહિલા અને બાળ અધિકારી, આત્મા પ્રોજેક્ટના નિયામકશ્રી, આરોગ્ય અધિકારી, ચીફ ઓફિસર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર, જિલ્લા ખેતેવાડી અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જીલ્લા રજીસ્ટાર, જિલ્લા લાઈવલીહૂડ મેનેજર છાયાબેન ટાંક તથા લીડબેંક મેનેજર અને ઈન્ડિયન પોસ્ટ પેયમેન્ટ બેંક સહિતના વિભાગના સંલગ્ન

આંખની કીકીના નિષ્ણાંત હવે અમરેલીમાં

હવે... બદલાશે સારવારની પરીભાષા

24/7 Emergency Services

- કોરી આંખ (ડ્રાય આઈ સિન્ડ્રોમ)
- આંખ ના કેન્સર જેમ કે OSSN
- લીંબલ સ્ટેમ સેલ ડિફીશિયન્સી (LSCD)
- ઈજા ના કારણે કીકી ફાટી જવી
- કોન્ટેક્ટ લેન્સ તથા તેના કોમ્પ્લિકેશન
- અન્ય કીકી ને લગતા રોગો
- કીકીમાં રસી તથા ઇન્ફેક્શન
- ફૂલ
- કેમિકલ ઇન્જરી
- કીકી ગળવી
- કેરેટોકોનસ (શંકુ કીકી)
- કીકીમાં સોજો રેહવો

તારીખ : ૧૩/૧૨/૨૦૨૫, શનિવાર
ઓપીડી સમય : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦

ડો. તન્વી કામોઠી (MBBS. MS, FCORS) આંખની કીકીના નિષ્ણાંત

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust-Amreli

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯, મો.૯૯૭૮૯ ૬૬૬૨૬



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,19,100/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૨/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૭૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



naari IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ | પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫


## ડિજિટલ ઈન્ડિયાનાં માહોલમાં સાયબર ફ્રોડની ઘટનામાં વધારો

# દામનગરનાં વેપારીને ૨૫ લાખની લોન કરાવી આપવાની લાલચ આપીને ઠગબાજોએ ૪૬.૬૪ લાખ સગેવગે કર્યા

### વેપારીનાં બેન્ક ખાતામાં મોટી રકમ જમા કરાવીને ઉપાડી લીધા

અમરેલી, તા. ૧૨

દામનગર ગામે રહેતાં વેપારીને રૂપિયા ૨૫ લાખ કે તેનાથી વધુ રકમની લોન તથા ૩૫% સબસીડી કરાવી આપવાની લાલચ આપી વેપારીને જયપુર ખાતે બોલાવી હોટલમાં ગોંધી રાખી વેપારી પાસેના મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળીનું અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક દામનગર શાખાનું કરન્ટ ખાતું મેળવી લઈ તે બેંક ખાતામાં વેપારીને જણાવ્યા વગર રૂપિયા ૪૬,૬૪,૫૯૭ના ટ્રાન્જેક્શન કરી સાયબર ફ્રોડના નાણા જમા કરી તમામ નાણા પોતાની મેળે સગેવગે કરી વેપારી સાથે વિસઘાત અને છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા મેજિસ્ટ્રેટનાં વોરંટનાં આધારે કાર્યવાહી

# અમરેલીનાં ભયજનક ઈસમની 'પાસા' હેઠળ અટકાયત કરવામાં આવી

### સ્પેશ્યલ જેલ ભુજ ખાતે ધકેલી દેવાયો

અમરેલી, તા. ૧૨

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. ડી.કે. વાઘેલાએ શરીર સંબંધી ગુનાઓ કરવાની ટેવવાળા ભયજનક ઈસમ વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, તરફ મોકલી આપેલ હતી.

આવા ભયજનક વ્યકિતની

અનુસંધાન પાના ૬ ઉપર




અમરેલી એક્સપ્રેસ
૧૭માં વર્ષનાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
હરહંમેશ... સેવાકીય પ્રવૃત્તિઓને... પ્રોત્સાહિત કરનાર "અમરેલી એક્સપ્રેસ" દૈનિકનાં ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભેચ્છક :
SHARE & CARE
શેર & કેર પરિવાર અમરેલીનાં તમામ મેમ્બરશ્રીઓ તથા શુભેચ્છકશ્રીઓ
રીયાઝ વેરસીયા ૯૪૨૭૨ ૬૧૧૮૫



આમ આદમીનું અખબાર
અમરેલી amreli express એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટ/પત્રકારની નિમણુંક કરવાની છે
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેક્શન કરી શકે તેવા વ્યકિતઓની રાજુલા, વીજપડી, સા.કુંડલા, દામનગર, વડિયા, ધારી, ખાંભા, નાગેશ્રી, ટીંબી, ડુંગર, ડેડાણ, લાઠી સહિતના ગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે/સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવે છે.
લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૬ થી તા.૩૧–૧૨–૨૦૨૬
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)